Celebrating 50 YEARS 1977-2027

પ્રથમ
અધતન
આવૃત્તિ

GSSSB CCE GROUP A

મુખ્ય પરીક્ષા

સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

3 આદર્શ પ્રશ્નપત્રોનો સમાવેશ

અગાઉની મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રો

- મહેસૂલી તલાટી મુખ્ય પરીક્ષા (2025)
- CCE GROUP-A મુખ્ય પરીક્ષા (2024)

1635
પ્રેક્ટિસ પ્રશ્નોત્તર

સમાવિષ્ટ 9 વિષયો

- ઇતિહાસ
- સાંસ્કૃતિક વારસો
- બંધારણ
- અર્થતંત્ર
- વિજ્ઞાન અને ટેક્નોલોજી
- વર્તમાન પ્રવાહો
- ભૂગોળ
- જાહેર સેવામાં શિસ્ત
- જાહેર વહીવટ અને શાસન

સંપાદન જગદીશ પટેલ

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

સૂચના : આ પુસ્તક ખરીદવા માટે આ PDF ના કોઈ પણ પેજ પર ક્લિક કરો

Celebrating 50 YEARS 1977-2027

GSSSB CCE GROUP-A

મુખ્ય પરીક્ષા

સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

પ્રથમ અધતન આવૃત્તિ

પુસ્તકની મુખ્ય વિશેષતાઓ


ગુણભાર મુજબ લેખનપ્રેક્ટિસ :
1, 2, 3 અને 5 ગુણના પ્રશ્નો દ્વારા ટૂંકા તથા વિશ્લેષણાત્મક ઉત્તર લખવાનો અભ્યાસ.

વિષયવાર રજૂઆતનું માર્ગદર્શન : ઇતિહાસમાં કાળક્રમ, બંધારણમાં અનુચ્છેદો, અર્થતંત્રમાં સંબંધિત આંકડા અને નીતિશાસ્ત્રમાં વ્યવહારુ ઉદાહરણોનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ.

ઉત્તરલેખન માર્ગદર્શિકા : પ્રશ્નની માંગ અનુસાર સચોટ, મુદ્દાસર, તાર્કિક અને ક્રમબદ્ધ જવાબ લખવા માટે સ્પષ્ટ માર્ગદર્શન.

3 આદર્શ પ્રશ્નપત્રો : અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરેલાં પ્રશ્નપત્રો દ્વારા સમયમર્યાદામાં લેખનપ્રેક્ટિસ અને સ્વમૂલ્યાંકનની તક.

અગાઉની મુખ્ય પરીક્ષાનાં પ્રશ્નપત્રો :
CCE Group A મુખ્ય પરીક્ષા–2024 અને મહેસૂલી તલાટી મુખ્ય પરીક્ષા–2025નાં પ્રશ્નપત્રોનો સમાવેશ.



પ્રસ્તાવના

વહાલા વિદ્યાર્થીમિત્રો,

સ્પર્ધાત્મક પરીક્ષામાં વિષયના જ્ઞાનની સાથે તેને યોગ્ય રીતે રજૂ કરવાની આવડત પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને વર્ણનાત્મક પરીક્ષામાં પ્રશ્નની માંગ સમજીને નિર્ધારિત શબ્દમર્યાદામાં સચોટ અને વ્યવસ્થિત ઉત્તર લખવો જરૂરી છે. આ માટે વિષયની સ્પષ્ટ સમજ અને નિયમિત લેખન અભ્યાસ અનિવાર્ય છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા આયોજિત સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE) ગ્રૂપ-Aની મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્ર–III 'સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)' માટે **150 ગુણ અને 3 કલાકનો સમય** નિર્ધારિત છે. તેમાં ભારતનો ઇતિહાસ, સાંસ્કૃતિક વારસો, ભૂગોળ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સમકાલીન ઘટનાઓ, ભારતીય રાજ્યવ્યવસ્થા અને બંધારણ, જાહેર વહીવટ અને શાસન, જાહેર સેવામાં શિસ્ત તથા ભારતીય અર્થતંત્ર અને આયોજન એમ કુલ 9 વિષયોનો સમાવેશ થાય છે.

આ પ્રશ્નપત્રમાં વિવિધ વિષયોની મૂળભૂત સંકલ્પનાઓ, વ્યાખ્યાઓ, લાક્ષણિકતાઓ, કારણો, અસરો, સરકારી યોજનાઓ અને નીતિઓને લગતા પ્રશ્નો પુછાઈ શકે છે. આવા પ્રશ્નોની અસરકારક તૈયારી માટે **લિબર્ટી પબ્લિકેશન્સ દ્વારા 'GSSSB CCE ગ્રૂપ-A મુખ્ય પરીક્ષા : સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક) – પ્રેક્ટિસ પ્રશ્નોત્તર સંગ્રહ'** પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં નિર્ધારિત અભ્યાસક્રમ અને વિષયવાર ગુણભારને ધ્યાનમાં રાખીને તમામ 9 વિષયોના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને આવરી લેતાં પરીક્ષાલક્ષી પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સંભવિત પ્રશ્નોથી પરિચિત કરાવવા અને ઉત્તરલેખન કૌશલ્ય વિકસાવવામાં મદદરૂપ થવાનો છે.

વિદ્યાર્થી મિત્રો, પુસ્તકના દરેક પ્રશ્નનો ઉત્તર પહેલાં જાતે લખવાનો પ્રયત્ન કરો. ત્યારબાદ અભ્યાસસામગ્રી સાથે સરખામણી કરીને જરૂરી સુધારા કરો. આ અભ્યાસથી પ્રશ્નની માંગ મુજબ મુદ્દાઓ પસંદ કરવાની અને સમયમર્યાદામાં સચોટ ઉત્તર લખવાની ક્ષમતા વિકસશે.

યાદ રાખો, સારો ઉત્તર એ નથી જેમાં વધુ માહિતી હોય, પરંતુ એ છે જેમાં પ્રશ્નની માંગ મુજબ જરૂરી માહિતી સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે રજૂ થઈ હોય.

અમને આશા છે કે આ પુસ્તક તમારી મુખ્ય પરીક્ષાની તૈયારી, સ્વ-મૂલ્યાંકન અને ઉત્તરલેખન કૌશલ્યના વિકાસમાં ઉપયોગી સાબિત થશે.

આપ સૌને મુખ્ય પરીક્ષામાં સફળતા અને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ.

મુખ્ય પરીક્ષામાં સફળતાની ચાવી = જ્ઞાનની સ્પષ્ટતા + વિચારોની સચોટતા + લેખનની કુશળતા

– સંપાદક



અનુક્રમણિકા

- **ભારતનો ઇતિહાસ** ..... **9 - 30**
- **સાંસ્કૃતિક વારસો** ..... **31 - 53**
- **ભૂગોળ** ..... **54 - 77**
- **વિજ્ઞાન અને ટેક્નોલોજી** ..... **78 - 96**
- **ભારતીય રાજ્યવ્યવસ્થા અને બંધારણ** ..... **97 - 123**
- **જાહેર વહીવટ અને શાસન** ..... **124 - 155**
- **જાહેર સેવામાં શિસ્ત** ..... **156 - 175**
- **ભારતીય અર્થતંત્ર અને આયોજન** ..... **176 - 195**
- **પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની ઘટનાઓ :** વર્તમાન પ્રવાહો (જાન્યુઆરી-સપ્ટેમ્બર 2026) આધારિત પ્રશ્નો ..... **196 - 217**
- **અગાઉની મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રો** ..... **218 - 219**
  - મહેસૂલી તલાટી મુખ્ય પરીક્ષા (2025)
  - CCE GROUP-A મુખ્ય પરીક્ષા (2024)
- **આદર્શ પ્રશ્નપત્ર-1, 2, 3** ..... **220 - 224**

GSSSB : CCE GROUP-A | પ્રશ્નપત્ર-3 સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)
મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ

વિષયવાર પ્રશ્નોની સંખ્યા અને ગુણભારનું સંપૂર્ણ કોષ્ટક							
ક્રમ	વિષય	1 ગુણ	2 ગુણ	3 ગુણ	5 ગુણ	કુલ ગુણ	પરીક્ષાના ગુણ
1	ભારતનો ઇતિહાસ	30	60	75	15	180	15
2	સાંસ્કૃતિક વારસો	30	45	90	15	180	15
3	ભૂગોળ	30	60	75	15	180	15
4	વિજ્ઞાન અને ટેક્નોલોજી	30	15	90	10	145	10
5	ભારતીય રાજ્યવ્યવસ્થા અને બંધારણ	30	30	150	15	225	20
6	જાહેર વહીવટ અને શાસન	30	30	120	30	210	20
7	જાહેર સેવામાં શિસ્ત	30	15	75	15	135	10
8	ભારતીય અર્થતંત્ર અને આયોજન	45	60	45	30	180	15
9	પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની ઘટનાઓ	50	60	60	30	200	30
	કુલ	**305**	**375**	**780**	**175**	**1,635**	**150**
પુસ્તકમાં કુલ પ્રશ્નો : 1,635		કુલ વિષયો : 9				પરીક્ષાના કુલ ગુણ : 150	

GSSSB : CCE GROUP-A | પ્રશ્નપત્ર-3 સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)
મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ

[કુલ ગુણ : 150] **માધ્યમ : ગુજરાતી** **[સમય: 3 કલાક]**

[1] ભારતનો ઇતિહાસ..... [15 ગુણ]

1. **સિંધુ ખીણની સભ્યતા :** લક્ષણો, સ્થળો, સમાજ, સાંસ્કૃતિક ઇતિહાસ, કલા અને ધર્મ; સિંધુ ખીણની સભ્યતા અને ગુજરાત; વૈદિક યુગ; જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ; નંદ વંશ.
2. મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્ય.
3. વિજયનગર સામ્રાજ્ય અને દક્ષિણ ભારતના મહત્ત્વના રાજવંશો.
4. **ગુજરાતના મહત્ત્વના રાજવંશો :** તેમનું વહીવટીતંત્ર, કલા, સ્થાપત્ય, સાહિત્ય, વિજ્ઞાન અને ટેક્નોલોજી.
5. **શૈક્ષણિક સંસ્થાઓ :** તક્ષશિલા, નાલંદા અને વલભી.
6. ભારતમાં યુરોપિયનોનું આગમન; 1757 થી 1856 દરમિયાન ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના અને વિસ્તરણ; જમીન મહેસૂલ વ્યવસ્થા: કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી; શિક્ષણ વ્યવસ્થા.
7. ભારતનો 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ; 19મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક તથા સામાજિક સુધારણા આંદોલનો; ભારતમાં રાષ્ટ્રવાદના ઉદય માટે જવાબદાર પરિબળો; ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ.
8. રાષ્ટ્રીય મંચ પર મહાત્મા ગાંધીનો ઉદય અને તેમના વિચારો, સિદ્ધાંતો તથા ઉપદેશોનો ભારતના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન પર પ્રભાવ.
9. સ્વાતંત્ર્ય આંદોલન અને સ્વાતંત્ર્યોત્તર એકીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા.
10. ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ; આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ.
11. **સ્વાતંત્ર્યોત્તર ભારત :** રાજ્યોનું પુનર્ગઠન, મહાગુજરાત આંદોલન અને મહત્ત્વની ઘટનાઓ.

[2] સાંસ્કૃતિક વારસો..... [15 ગુણ]

1. પ્રાચીનકાળથી આધુનિકકાળ સુધીની ભારતીય સંસ્કૃતિ અને તેનાં કલાસ્વરૂપો, સાહિત્ય, શિલ્પ તથા સ્થાપત્યની મુખ્ય વિશેષતાઓ.
2. ભારતીય સિનેમા અને રંગભૂમિ તથા સમાજ પર તેમનો પ્રભાવ.
3. ગુજરાતની કલાઓ અને હસ્તકલાઓ.
4. ગુજરાતી રંગભૂમિ.
5. **ગુજરાતની લોકસંસ્કૃતિ અને મૌખિક પરંપરા :** તેમનું મહત્ત્વ, લક્ષણો અને અસરો.
6. ગુજરાતની દરિયાકાંઠાની સંસ્કૃતિ અને આદિવાસી સંસ્કૃતિ.

[3] ભૂગોળ..... [15 ગુણ]

1. **ગુજરાત અને ભારતનાં પ્રાકૃતિક લક્ષણો તથા સંસાધનોનો અભ્યાસ :** મુખ્ય ભૂમિસ્વરૂપો, આબોહવા, જમીન, ખડકો, નદીઓ, જળાશયો, વનસ્પતિ, ખનિજો અને જળસંસાધનો.
2. **આર્થિક પ્રવૃત્તિઓ :** પ્રાથમિક, તૃતીય અને ચતુર્થ.
3. સામાજિક અને વસ્તીવિષયક ભૂગોળ.
4. વિકાસ અને પર્યાવરણને લગતા મુદ્દાઓ; સતત વિકાસ; વૈશ્વિકીકરણ અને તેની સામાજિક તથા આર્થિક અસરો; કુદરતી આપત્તિઓ, કાર્બન ઉત્સર્જન, પ્રદૂષણ અને આપત્તિ વ્યવસ્થાપન; આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય અધોગતિની સમસ્યાઓ પ્રત્યે વૈશ્વિક પ્રતિસાદ : મુખ્ય સંધિઓ અને સંમેલનો.

[4] વિજ્ઞાન અને ટેક્નોલોજી ..... [10 ગુણ]

1. માનવજીવનને સુદૃઢ બનાવવા માટે વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતાનું સંગઠન; રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી; વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતનું યોગદાન; વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઉપયોગ તથા પ્રસારના પડકારો અને અવરોધો; રાષ્ટ્રનિર્માણમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની ભૂમિકા તથા કાર્યક્ષેત્ર.

2. **માહિતી અને સંચાર ટેક્નોલોજી :** તેનું મહત્ત્વ, લાભો અને પડકારો; ઈ-ગવર્નન્સ (ઈ-શાસન) અને તેને લગતી ભારતની નીતિઓ; સાયબર અપરાધ અને સાયબર સુરક્ષા.
3. **ભારતના અવકાશ કાર્યક્રમો :** ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય.
4. ભારતની ઊર્જા નીતિ અને પરમાણુ નીતિ તથા તેમનું મહત્ત્વ; સંરક્ષણ સેવાઓમાં ટેક્નોલોજીના લાભો અને પડકારો.
5. વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતીયોની સિદ્ધિઓ.

[5] પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની ઘટનાઓ..... [30 ગુણ]

[6] ભારતીય રાજ્યવ્યવસ્થા અને બંધારણ..... [20 ગુણ]

1. ભારતનું બંધારણ અને તેની મુખ્ય વિશેષતાઓ.
2. ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં કાર્યો અને ફરજો.
3. સંઘીય માળખાને લગતા મુદ્દાઓ અને પડકારો; રાજ્યોમાં રાજ્યપાલની ભૂમિકા.

[7] જાહેર વહીવટ અને શાસન..... [20 ગુણ]

1. જાહેર વહીવટનો અર્થ, સ્વરૂપ અને કાર્યક્ષેત્ર; ભારતમાં તેનો વિકાસ અને બ્રિટિશ શાસનનો વારસો.
2. લોકશાહીમાં નાગરિક સેવાઓની ભૂમિકા.
3. વિવિધ ક્ષેત્રોના વિકાસ અંગેની સરકારી નીતિઓ અને હસ્તક્ષેપ; તેમના અમલીકરણને લગતા મુદ્દાઓ અને સમસ્યાઓ.
4. વિકાસ પ્રક્રિયામાં નાગરિક સમાજ, બિનસરકારી સંસ્થાઓ અને અન્ય હિતધારકોની ભૂમિકા; વૈધાનિક, નિયમનકારી અને વિવિધ અર્ધન્યાયિક સંસ્થાઓ.
5. **સુશાસન અને ઈ-શાસન :** શાસનમાં પારદર્શિતા, જવાબદારી અને સંવેદનશીલતા; નાગરિક અધિકારપત્ર, માહિતીનો અધિકાર અને જાહેર સેવા અધિનિયમ તથા તેમની અસરો; સામાજિક સંશોધન અને તેનું મહત્ત્વ.
6. **કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સત્તાઓનું વિભાજન :** સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી; સંબંધિત મુદ્દાઓ અને પડકારો.
7. મહત્ત્વના બંધારણીય સુધારા.
8. બંધારણીય સંસ્થાઓ અને તેમની ભૂમિકા.
9. **સંસદ અને રાજ્ય વિધાનમંડળોનાં અધિકારક્ષેત્રો તથા સંબંધિત વિષયો :** માળખું, કાર્યપ્રણાલી, શાસન, સત્તાઓ અને વિશેષાધિકારો.
10. **ભારતમાં ન્યાયતંત્ર :** માળખું અને કાર્યપ્રણાલી; કટોકટી, ન્યાયિક સમીક્ષા અને જાહેર હિતની અરજીઓને લગતી મહત્ત્વની જોગવાઈઓ તથા બંધારણીય સુધારા.
11. **અધિકારોને લગતા મુદ્દાઓ :** માનવ અધિકારો, મહિલાઓના અધિકારો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના અધિકારો તથા બાળકોના અધિકારો વગેરે.
12. મહત્ત્વની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, એજન્સીઓ અને વિવિધ સંગઠનો તથા તેમનું માળખું.

[8] જાહેર સેવામાં શિસ્ત..... [10 ગુણ]

1. **નીતિશાસ્ત્ર અને માનવીય આંતરક્રિયા :** સારતત્ત્વ, નિર્ધારિક પરિબળો અને માનવ વર્તન પર તેમની અસરો તથા પરિણામો; નીતિશાસ્ત્રનાં પરિમાણો; વ્યક્તિગત અને જાહેર સંબંધોમાં નૈતિકતા; જાહેર સેવાઓમાં નૈતિકતા, સત્યનિષ્ઠા અને જવાબદારી; માહિતીનો અધિકાર અધિનિયમ અને જાહેર સેવા અધિનિયમ તથા તેમની અસરો.
2. **અભિવૃત્તિ (Attitude) :** મૂળભૂત ઘટકો અને કાર્યો; વિચારો અને વર્તન સાથે તેનો સંબંધ તથા તેમના પર તેની અસર; નૈતિક અને રાજકીય અભિવૃત્તિઓ; સામાજિક પ્રભાવ અને સમજાવટની ભૂમિકા.
3. **ભાવનાત્મક બુદ્ધિમત્તા :** સંકલ્પના, તેની ઉપયોગિતા તથા વ્યવસ્થાપન અને શાસનમાં તેનો ઉપયોગ.
4. **માનવીય મૂલ્યો :** નાગરિકોને મૂલ્યોનું શિક્ષણ આપવામાં કુટુંબ, સમાજ અને શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા.
5. **નૈતિકતાને લગતા મુદ્દાઓ અને પડકારો :** ભ્રષ્ટાચારવિરોધી વ્યવસ્થા, લોકપાલ અને લોકાયુક્ત.
6. ઉપરોક્ત મુદ્દાઓ (1 થી 5)ને લગતી કેસ સ્ટડી.

[9] ભારતીય અર્થતંત્ર અને આયોજન..... [15 ગુણ]

1. **ભારતીય અર્થતંત્ર :** ભારતમાં આયોજનની પ્રથાનો ઉદય અને વિકાસ; કેન્દ્ર અને રાજ્ય સરકારોની આર્થિક કામગીરી, ગતિશીલતા, પડકારો, નવી પહેલો અને સુધારા વગેરે; મહત્ત્વની ઘટનાઓ, વિકાસ અને સામાજિક ક્ષેત્રની પહેલો; નીતિ આયોગ : ઉદ્દેશો, રચના અને કાર્યો; સામાજિક ઓડિટ; કૃષિ, ઉદ્યોગો, માળખાકીય સુવિધાઓ અને સેવા ક્ષેત્ર.
2. **નાણાકીય અને બેંકિંગ નિયમનકારી માળખું :** સંકલ્પનાઓ, માળખું અને ભૂમિકા; નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિ.
3. **ભારતીય જાહેર નાણાં :** ભારતીય કરવ્યવસ્થા, જાહેર ખર્ચ, જાહેર દેવું, ભારતીય અર્થતંત્રમાં ખાધ અને સબસિડી; કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના રાજકોષીય સંબંધો.
4. અર્થતંત્રના વિવિધ સૂચકાંકો; જાહેર વહીવટ સાથે સંકળાયેલી ભારતની મહત્ત્વની નાણાકીય સંસ્થાઓ.
5. **ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ અર્થતંત્ર :** પડકારો અને નીતિઓ; ભારતમાં રોજગારને લગતી નીતિઓ અને યોજનાઓ.
6. **ગુજરાતનું અર્થતંત્ર :** એક વિહંગાવલોકન; ભારત અને અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતનું અર્થતંત્ર; આર્થિક અને સામાજિક માળખાકીય સુવિધાઓના વિકાસની નીતિઓ; ગુજરાતમાં સહકારી આંદોલન અને લોકોના સામાજિક તથા આર્થિક જીવન પર તેની અસર.
7. **માળખાકીય સુવિધાઓ :** ઊર્જા, બંદરો, માર્ગો, હવાઈમથકો, રેલવે અને દૂરસંચાર; સામાજિક અસરોનું મૂલ્યાંકન.

પ્રશ્નપત્ર-3 : પ્રશ્નો અને ગુણનું વિતરણ

પ્રશ્નદીઠ ગુણ	પ્રશ્નદીઠ અંદાજિત શબ્દો	પ્રશ્નોની સંખ્યા	કુલ ગુણ
1 ગુણ	10-20	10	10
2 ગુણ	20-30	10	20
3 ગુણ	30-50	30	90
5 ગુણ	100	06	30
કુલ	—	56	150

LIBERTY BOOKS


GSSSB CCE GROUP-A

મુખ્ય પરીક્ષા

સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

ડેમો કોપી માંથી ઉમેદવારોની અપેક્ષાઓ

ઉત્તરલેખન માર્ગદર્શિકા


GSSSB : CCE GROUP-A | પ્રશ્નપત્ર-3 સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

ઉત્તરલેખન માર્ગદર્શિકા

અગાઉની મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રો



GSSSB
મહેસૂલી તલાટી મુખ્ય પરીક્ષા (2025)
સામાન્ય અભ્યાસ પેપર (General Studies)



GSSSB
CCE GROUP-A મુખ્ય પરીક્ષા (2024)
સામાન્ય અભ્યાસ પેપર (General Studies)

3 આદર્શ પ્રશ્નપત્રો



આદર્શ પ્રશ્નપત્ર-1
CCE GROUP-A મુખ્ય પરીક્ષા : સામાન્ય અભ્યાસ



આદર્શ પ્રશ્નપત્ર-2
CCE GROUP-A મુખ્ય પરીક્ષા : સામાન્ય અભ્યાસ



આદર્શ પ્રશ્નપત્ર-3
CCE GROUP-A મુખ્ય પરીક્ષા : સામાન્ય અભ્યાસ

1 ભારતનો ઇતિહાસ

1 MARK

1. હડપ્પા સંસ્કૃતિના નગર-આયોજનની મુખ્ય વિશેષતાઓ જણાવો.

➤ હડપ્પા સંસ્કૃતિ તેના આયોજનબદ્ધ નગરનિર્માણ માટે જાણીતી છે, જેમાં ગ્રીડ સિસ્ટમ (કાટખૂણે છેદતા રસ્તા), પાકી ઈંટોનાં મકાનો અને અદ્યતન ભૂગર્ભ ગટર-વ્યવસ્થાનો સમાવેશ થાય છે. **નગરો બે ભાગમાં વહેંચાયેલાં હતાં :** ઉચ્ચ વર્ગ માટેનો કિલ્લો (Citadel) અને સામાન્ય લોકો માટેનું નીચલું નગર.

2. વૈદિક કાળની 'સભા' અને 'સમિતિ' વચ્ચેનો મુખ્ય તફાવત સ્પષ્ટ કરો.

➤ ઋગ્વૈદિક કાળમાં 'સભા' એ વડીલો અથવા પસંદ કરેલા પ્રભુત્વશાળી લોકોની સંસ્થા હતી, જ્યારે 'સમિતિ' એ સમગ્ર જનતાની સામાન્ય સભા હતી, જે રાજાની પસંદગીમાં ભૂમિકા ભજવતી હતી. આ સંસ્થાઓ રાજાની સત્તા પર નિયંત્રણ રાખવાનું કાર્ય કરતી હતી.

3. મૌર્ય વહીવટીતંત્રમાં 'સમાહર્તા' (Samaharta)ની ભૂમિકા શું હતી ?

➤ મૌર્ય સામ્રાજ્યમાં સમાહર્તા એ વહીવટીતંત્રનો મુખ્ય મહેસૂલ અધિકારી (Collector-General) હતો. તેનું કાર્ય સામ્રાજ્યના તમામ સ્રોતો જેવા કે – ખાણો, જંગલો અને વેપારી માર્ગો પર દેખરેખ રાખીને કર ઉઘરાવવાનું હતું.

4. ગુપ્તકાળ દરમિયાન વિદેશ વેપારની સ્થિતિ કેવી હતી ?

➤ ગુપ્ત સામ્રાજ્યમાં આંતરિક અને બાહ્ય એમ બંને પ્રકારના વેપારનો ખૂબ વિકાસ થયો હતો. નદીઓ અને રસ્તાઓ વેપાર માટે સુરક્ષિત હતા અને રોમન સામ્રાજ્ય તથા દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સાથે રેશમ, મસાલા અને કિંમતી રત્નોનો મોટો વેપાર થતો હતો.

5. સુદર્શન તળાવ અને રુદ્રદામનના જૂનાગઢ શિલાલેખનું મહત્ત્વ જણાવો.

➤ ચંદ્રગુપ્ત મૌર્યના સૂબા પુષ્યગુપ્તે ગિરનાર પાસે સુદર્શન તળાવ બંધાવ્યું હતું જ્યારે અશોકના સૂબા તુષાસ્ફે આ તળાવ માંથી નહેરો બનાવી જેનાથી કૃષિ ક્ષેત્રે સિંચાઇ સુવિધામાં વધારો થયો હતો. રુદ્રદામનનો જૂનાગઢ (ગિરનાર) શિલાલેખ (ઈ.સ. 150) શુદ્ધ સંસ્કૃતમાં લખાયેલો પ્રથમ લાંબો શિલાલેખ છે,જે તે સમયની ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે.

6. જૈન ધર્મનાં પાંચ મહાવ્રતો કયાં છે અને તેનું મહત્ત્વ શું છે ?

➤ જૈન ધર્મનાં પાંચ મુખ્ય સિદ્ધાંતોમાં સત્ય, અહિંસા, અસ્તેય (ચોરી ન કરવી), અપરિગ્રહ અને બ્રહ્મચર્યનો સમાવેશ થાય છે. આ વ્રતો આત્માની શુદ્ધિ અને મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત આવશ્યક ગણવામાં આવે છે.

7. બૌદ્ધ ધર્મની 'ચોથી સંગીતિ' અને તેના પરિણામ વિશે લખો.

➤ ચોથી બૌદ્ધ સંગીતિ કુષાણ રાજા કનિષ્કના સમયમાં કશ્મીરમાં યોજાઈ હતી. આ પરિષદમાં બૌદ્ધ ધર્મ સ્પષ્ટપણે બે ફાંટાઓમાં વહેંચાઈ ગયો : હીનયાન (પરંપરાવાદી) અને મહાયાન (મૂર્તિપૂજા અને પરિવર્તનવાદી).

8. 'મહાજનપદ' એટલે શું અને તેની માહિતી કયા ગ્રંથોમાંથી મળે છે ?

➤ ઈ.સ. પૂર્વે 6ઠ્ઠી સદીમાં ઉત્તર ભારતમાં 16 શક્તિશાળી રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં જેને 'મહાજનપદ' કહેવાય છે. તેની વિગતવાર માહિતી બૌદ્ધ ગ્રંથ 'અંગુત્તરનિકાય' અને જૈન ગ્રંથ 'ભગવતી સૂત્ર'માંથી પ્રાપ્ત થાય છે.

9. અશોકના શિલાલેખોના મુખ્ય વિષયો અને ભાષા કઈ હતી ?

➤ સમ્રાટ અશોકે ધમ્મના પ્રચાર માટે શિલાલેખો કોતરાવ્યા હતા, જેમાં અહિંસા, ધાર્મિક સહિષ્ણુતા અને પ્રજા-કલ્યાણના સંદેશ હતા. મોટા ભાગના લેખો પ્રાકૃત ભાષા અને બ્રાહ્મી લિપિમાં લખાયેલા છે.

10. 'પુરાપાષાણ યુગ' (Palaeolithic Age)ના માનવીનું જીવન કેવું હતું ?

➤ આ યુગમાં માનવી મુખ્યત્વે શિકારી અને રઝળતું જીવન જીવતો હતો. તે પથ્થરનાં બરછટ હથિયારો બનાવતો, ગુફાઓમાં રહેતો અને ખેતી કે પશુપાલનથી અજાણ હતો. આ યુગના અંતે અગ્નિની શોધ થઈ હતી.

11. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના અને તેના પ્રારંભિક હેતુઓ જણાવો.

➤ 31 ડિસેમ્બર, 1600ના રોજ રાણી એલિઝાબેથ 1 દ્વારા એક સનદ દ્વારા લંડનના વેપારીઓને પૂર્વના દેશો સાથે વેપારનો એકાધિકાર આપવામાં આવ્યો. શરૂઆતમાં કંપનીનો હેતુ માત્ર તેજાના અને રેશમનો વેપાર કરીને નફો મેળવવાનો હતો.

26. 'વર્ધા શિક્ષણ યોજના' (1937)નાં મુખ્ય પાસાઓ શું હતાં ?

➤ ગાંધીજી દ્વારા પ્રસ્તુત આ યોજના શિક્ષણને ઉત્પાદક હસ્તકલા અને કૌશલ્યો સાથે જોડવા પર ભાર મૂકતી હતી. તેમાં માતૃભાષામાં મફત અને ફરજિયાત શિક્ષણ તથા વિદ્યાર્થીઓને સ્વનિર્ભર બનાવવાનાં ધ્યેયો રાખવામાં આવ્યાં હતાં.

27. 1938ના હરિપુરા અધિવેશનનું મહત્ત્વ જણાવો.

➤ આ અધિવેશનના અધ્યક્ષ સુભાષચંદ્ર બોઝ હતા. અહીં દેશના આર્થિક વિકાસ માટે 'રાષ્ટ્રીય આયોજન સમિતિ' (National Planning Committee)ની સ્થાપના કરવામાં આવી હતી, જેના દ્વારા ભવિષ્યના આયોજનબદ્ધ ભારતનો પાયો નખાયો હતો.

28. 'વેવેલ યોજના' (1945)ની નિષ્ફળતાનું કારણ શું હતું ?

➤ વેવેલ યોજનામાં વચગાળાની સરકારમાં હિન્દુ અને મુસ્લિમોને સમાન પ્રતિનિધિત્વની વાત હતી, પરંતુ મુસ્લિમ લીગની તમામ મુસ્લિમ સભ્યો પોતે જ નિયુક્ત કરવાની જીદને કારણે શિમલા પરિષદ અને આ યોજના નિષ્ફળ ગઈ.

29. ભારતીય પ્રેસના વિકાસમાં પોર્ટુગીઝોનું પ્રદાન શું છે ?

➤ ભારતમાં છાપકામની શરૂઆત 1557માં પોર્ટુગીઝો દ્વારા ગોવામાં કરવામાં આવી હતી. ગોવાના જેસ્યુટ્સ દ્વારા ભારતનું પ્રથમ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જેણે ભારતમાં આધુનિક પ્રેસ અને માહિતી પ્રસારનો માર્ગ મોકળો કર્યો હતો.

30. 18મી સદીમાં બ્રિટિશરો ભારતમાંથી મુખ્ય કઈ ચીજવસ્તુઓની નિકાસ કરતા હતા ?

➤ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની બંગાળ અને અન્ય પ્રદેશોમાંથી મુખ્યત્વે કાચો કપાસ, રેશમ, સુરોખાર (Saltpetre) અને અફીણની નિકાસ યુરોપ તથા ચીનનાં બજારોમાં મોટા પાયે કરતી હતી.

2 MARKS

1. સિંધુ ખીણની સભ્યતામાં નગર-આયોજન અને આધુનિક શહેરીકરણ વચ્ચેની સમાનતા સ્પષ્ટ કરો.

➤ સિંધુ ખીણની સભ્યતા તેના વ્યવસ્થિત નગર-આયોજન માટે જાણીતી હતી, જે આજનાં આધુનિક શહેરો જેવું જ ગ્રીડ પેટર્ન ધરાવતું હતું. **શહેરો બે ભાગમાં વહેંચાયેલાં હતાં :** ઉચ્ચ વર્ગ માટે સીટાડેલ અને સામાન્ય જનતા માટે નીચલું નગર. રસ્તાઓ એકબીજાને કાટખૂણે છેદતા હતા અને દરેક ઘરમાં પાકી ઈંટોથી બનેલી ગટર-વ્યવસ્થા હતી, જે મુખ્ય ગટર સાથે જોડાયેલી હતી. આ આયોજન જાહેર સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા પ્રત્યેની તેમની સમજ દર્શાવે છે.

2. હડપ્પા સંસ્કૃતિની આર્થિક પ્રણાલીમાં વિદેશ વ્યાપારનું મહત્ત્વ સમજાવો.

➤ હડપ્પીય લોકો મેસોપોટેમિયા (સુમેરિયન), ઓમાન અને અફઘાનિસ્તાન સાથે ગાઢ વ્યાપારિક સંબંધો ધરાવતા હતા. મેસોપોટેમિયન ગ્રંથોમાં 'મેલુહા' (સિંધુ પ્રદેશ) સાથેના વ્યાપારનો ઉલ્લેખ મળે છે. લોથલ ખાતે મળેલું ગોદીવાડું (Dockyard) દરિયાઈ વ્યાપારનું જીવંત ઉદાહરણ છે. તેઓ કપાસની વસ્તુઓ, મણકા અને હાથીદાંતની વસ્તુઓની નિકાસ કરતાં અને સોનું, તાંબું અને લાપિસ લાઝુલી જેવા કિંમતી પથ્થરોની આયાત કરતા હતા.

3. હડપ્પીય લિપિ અને તોલ-માપનાં સાધનો તેમની વ્યાપારી કુશળતા વિશે શું સૂચવે છે ?

➤ હડપ્પીય લિપિ પિક્ટોગ્રાફિક (ચિત્રલિપિ) હતી જે હજુ સુધી ઉકેલી શકાઈ નથી, પરંતુ તે હિસાબો રાખવા માટે વપરાતી હતી. તોલ-માપ માટે તેઓ ચર્ટ પથ્થરના ઘન આકારનાં વજનિયાં વાપરતાં, જે 16ના ગુણાંકમાં (Binary system : 1, 2, 4, 8, 16, 32..) હતાં. આ પ્રમાણિત માપદંડો દર્શાવે છે કે તેમની પાસે એક જટિલ અને સંગઠિત વ્યાપારી અર્થતંત્ર હતું, જેમાં ચોકસાઈને ખૂબ મહત્ત્વ આપવામાં આવતું હતું.

4. ઋગ્વૈદિક કાળમાં 'રાજન્' અથવા આદિવાસી વડાની ભૂમિકા અને સત્તાની મર્યાદાઓ જણાવો.

➤ ઋગ્વૈદિક કાળમાં રાજા અથવા 'રાજન્' ટોળાનો રક્ષક (ગોપતિ) હતો, જેનું મુખ્ય કાર્ય ગાયોની રક્ષા કરવી અને યુદ્ધોનું નેતૃત્વ કરવાનું હતું. તેની સત્તા નિરંકુશ નહોતી, પરંતુ 'સભા', 'સમિતિ', 'વિદથ' અને 'ગણ' જેવી આદિવાસી સંસ્થાઓ દ્વારા તેના પર નિયંત્રણ રાખવામાં આવતું હતું. રાજાની પસંદગી ઘણી વાર સમિતિ દ્વારા થતી હતી અને તેની પાસે કોઈ કાયમી સૈન્ય કે ઔપચારિક ન્યાયતંત્ર નહોતું.

5. વૈદિક કાળના ધાર્મિક જીવનમાં કુદરતી તત્ત્વોની પૂજાનું મહત્ત્વ સમજાવો.

➤ ઋગ્વૈદિક આર્યો પ્રકૃતિનાં દળો જેવાં કે, પૃથ્વી, અગ્નિ, વાયુ, વરસાદ અને ગર્જનાની પૂજા કરતા હતા. ઇન્દ્ર (પુરંદર) સૌથી મહત્ત્વના દેવ હતા જે કિલ્લાઓ તોડનાર અને વરસાદના દેવ ગણાતા. અગ્નિ દેવ મનુષ્યો અને દેવો વચ્ચે મધ્યસ્થી તરીકે પૂજાતા હતા. તેઓ ધાર્મિક વિધિઓ અને યજ્ઞો દ્વારા દેવોને પ્રસન્ન કરતા, જેથી તેમને ગાયો, પુત્રો અને વિજય પ્રાપ્ત થાય.

6. પૂર્વ વૈદિક કાળ અને ઉત્તર વૈદિક કાળમાં સ્ત્રીઓની સ્થિતિમાં આવેલા ફેરફારોની તુલના કરો.

➤ ઋગ્વૈદિક કાળમાં સ્ત્રીઓને શિક્ષણ અને ધાર્મિક વિધિઓમાં સમાન તક મળતી અને તેઓ સભા જેવી સંસ્થાઓમાં ભાગ લઈ શકતી. જોકે, ઉત્તર વૈદિક કાળમાં તેમની સ્થિતિમાં ઘટાડો થયો; તેમને સભાઓમાં જવાની મનાઈ કરવામાં આવી અને તેમની ભૂમિકા ઘરકામ સુધી સીમિત બની ગઈ. એતરેય બ્રાહ્મણ મુજબ પુત્રીને દુઃખનું કારણ ગણવામાં આવી, છતાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદ્વાન સ્ત્રીઓના ઉલ્લેખ પણ મળે છે.

58. સ્વરાજ પાર્ટીની સ્થાપના અને તેના ઉદ્દેશ્યો શું હતા ?

➤ અસહકાર આંદોલનની મોકૂફી પછી સી. આર. દાસ અને મોતીલાલ નહેરુએ 1923માં સ્વરાજ પાર્ટીની સ્થાપના કરી. તેમનો ઉદ્દેશ્ય ધારાસભાઓમાં પ્રવેશ મેળવીને અંદરથી બ્રિટિશ સરકારની નીતિઓનો વિરોધ કરવાનો અને વહીવટમાં અવરોધો ઊભા કરવાનો હતો. તેઓ મામૂલી સુધારાને બદલે વાસ્તવિક જવાબદાર સરકારની માંગણી કરવા માંગતા હતા.

59. સાયમન કમિશન (1927)નો ભારતમાં વિરોધ કેમ થયો ?

➤ 1919ના સુધારાઓની સમીક્ષા કરવા માટે સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેના સાતેય સભ્યો બ્રિટિશ હતા. ભારતના ભવિષ્યનો નિર્ણય કરનારા કમિશનમાં એક પણ ભારતીય સભ્ય ન હોવાથી તેને 'શ્વેત કમિશન' કહીને બહિષ્કાર કરવામાં આવ્યો. 'સાયમન ગો બેક'ના નારા સાથે લાહોરમાં થયેલા દેખાવોમાં લાલા લજપત રાય પર લાઠીચાર્જ થયો હતો.

60. નહેરુ રિપોર્ટ (1928)ની મુખ્ય ભલામણો જણાવો.

➤ બ્રિટિશ સચિવ બર્કનહેડના પડકારને ઝીલીને મોતીલાલ નહેરુની અધ્યક્ષતામાં ભારતીય બંધારણનો મુસદ્દો તૈયાર થયો. તેમાં ભારતને 'ડોમિનિયન સ્ટેટસ' (સ્વશાસિત રાજ્ય) આપવાની, મૂળભૂત અધિકારોની જોગવાઈ અને ભાષાવાર પ્રાંતોની રચનાની ભલામણ કરવામાં આવી હતી. જોકે, પૂર્ણ સ્વરાજ અને સાંપ્રદાયિક પ્રતિનિધિત્વના મુદ્દે આ રિપોર્ટ સર્વસંમત બની શક્યો નહીં.

3 MARKS

1. હડપ્પીય સભ્યતામાં નગર-આયોજનની મુખ્ય વિશેષતાઓ સમજાવો.

➤ હડપ્પીય સભ્યતા તેની અદ્ભુત નગરરચના માટે જાણીતી હતી, જે ગ્રીડ સિસ્ટમ (ચેસબોર્ડ પેટર્ન) પર આધારિત હતી.
➤ નગરો મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલા હતા : પશ્ચિમમાં ઊંચાઈ પર આવેલો કિલ્લો (Citadel) અને પૂર્વમાં નીચલું નગર (Lower Town).
➤ બાંધકામમાં પ્રમાણબદ્ધ પાકી ઈંટોનો (ગુણોત્તર 1 : 2 : 4) ઉપયોગ થતો હતો, જે-તે સમયની અન્ય સભ્યતાઓમાં દુર્લભ હતું.
➤ દરેક ઘરમાં સ્નાનાગર, આંગણું અને રસ્તાની ગટર સાથે જોડાયેલી સુવ્યવસ્થિત ડ્રેનેજ સિસ્ટમ જોવા મળતી હતી.

2. સિંધુ ખીણની સભ્યતાના આર્થિક જીવન પર પ્રકાશ પાડો.

➤ હડપ્પીય અર્થતંત્ર કૃષિ, પશુપાલન અને વિદેશ વ્યાપાર પર ટકેલું હતું.
➤ તેઓ ઘઉં, જવ, તલ અને રાય જેવા પાકો લેતાં અને લોથલ જેવાં સ્થળોએ ડાંગરના પુરાવા પણ મળ્યા છે.
➤ વ્યાપાર માટે વિનિમય પ્રથા (Barter system) પ્રચલિત હતી અને મેસોપોટેમિયા સાથે દરિયાઈ માર્ગે વ્યાપાર થતો હતો. (મેસોપોટેમિયાનાં લખાણોમાં સિંધુ પ્રદેશને 'મેલુહા' કહ્યો છે).
➤ વ્યાપારી વ્યવહારમાં પ્રમાણિત વજન અને માપનો ઉપયોગ થતો હતો, જે 16ના ગુણાંકમાં હતા.

3. 'મહાભિનિષ્ક્રમણ' અને 'નિર્વાણ' વચ્ચેનો તફાવત બૌદ્ધ ધર્મના સંદર્ભમાં સ્પષ્ટ કરો.

➤ ગૌતમ બુદ્ધે 29 વર્ષની વયે સત્યની શોધમાં પોતાના ઘર અને વૈભવી જીવનનો ત્યાગ કર્યો, તેને 'મહાભિનિષ્ક્રમણ' કહેવાય છે.
➤ આ ઘટનાનું પ્રતીક 'ઘોડો' (કંથક) છે, જે સંસાર ત્યાગની ક્રિયા દર્શાવે છે.
➤ જ્યારે, 35 વર્ષની વયે બોધિગયામાં પીપળાના વૃક્ષ નીચે તેમને જે પરમ જ્ઞાન પ્રાપ્ત થયું, તેને 'નિર્વાણ' અથવા જ્ઞાનોદય કહેવામાં આવે છે.
➤ મહાભિનિષ્ક્રમણ એ જ્ઞાન તરફની યાત્રાની શરૂઆત હતી, જ્યારે નિર્વાણ એ જ્ઞાનની પ્રાપ્તિ અને દુઃખમાંથી મુક્તિનું શિખર હતું.

4. વૈદિક કાળમાં 'સભા' અને 'સમિતિ'નાં કાર્યો વર્ણવો.

➤ ઋગ્વૈદિક કાળમાં રાજાની સત્તા પર અંકુશ રાખવા માટે લોકતાંત્રિક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી હતી.
➤ 'સભા' એ ઉમરાવો અને વડીલોની નાની સંસ્થા હતી, જે ન્યાયિક અને સલાહકારી કાર્યો કરતી હતી.
➤ 'સમિતિ' એ સમગ્ર જનતાની સામાન્ય સભા હતી, જે નીતિ-વિષયક નિર્ણયો લેતી અને રાજાની પસંદગીમાં ભૂમિકા ભજવતી.
➤ આ સંસ્થાઓ દર્શાવે છે કે, પ્રારંભિક વૈદિક રાજકીય વ્યવસ્થામાં લોકશાહી તત્ત્વો અને સામૂહિક નિર્ણય પ્રક્રિયાનું મહત્ત્વ હતું.

5. બૌદ્ધ ધર્મના 'અષ્ટાંગિક માર્ગ'ના ત્રણ મુખ્ય ભાગો વિશે જણાવો.

➤ ગૌતમ બુદ્ધે દુઃખના નિવારણ માટે અષ્ટાંગિક માર્ગ (મધ્યમ માર્ગ) આપ્યો છે, જે મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચાયેલ છે :
➤ **પ્રજ્ઞા (જ્ઞાન) :** જેમાં સમ્યક દૃષ્ટિ અને સમ્યક સંકલ્પનો સમાવેશ થાય છે, જે સત્યને સમજવામાં મદદ કરે છે.
➤ **શીલ (નૈતિકતા) :** જેમાં સમ્યક વાણી, સમ્યક કર્મ અને સમ્યક આજીવિકાનો સમાવેશ થાય છે, જે સામાજિક શુદ્ધિ લાવે છે.
➤ **સમાધિ (એકાગ્રતા) :** જેમાં સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ અને સમ્યક સમાધિ દ્વારા માનસિક શિસ્ત પ્રાપ્ત થાય છે.

6. હડપ્પીય સભ્યતામાં સ્ત્રીઓની સ્થિતિ કેવી હતી ?

➤ સિંધુ ખીણની સભ્યતામાં સ્ત્રીઓની સ્થિતિ ખૂબ જ ઉચ્ચ અને સમ્માનજનક હોવાનું માનવામાં આવે છે.
➤ મોટી સંખ્યામાં મળી આવેલી 'માતૃદેવી' (Mother Goddess)ની મૂર્તિઓ સૂચવે છે કે સમાજ કદાચ માતૃસત્તાક હતો.
➤ સ્ત્રીઓ શણગારની શોખીન હતી, જેના પુરાવા તરીકે કાજળ, લિપસ્ટિક અને વિવિધ આભૂષણો મળી આવ્યાં છે.
➤ ખેતી અને વણાટકામ જેવી આર્થિક પ્રવૃત્તિઓમાં પણ સ્ત્રીઓ સક્રિયપણે ભાગ લેતી હતી.

74. કેબિનેટ મિશન (1946)ની મુખ્ય જોગવાઈઓ અને તેની નિષ્ફળતાનું કારણ શું હતું ?

- બ્રિટિશ સરકારે ભારતીય નેતાઓ સાથે સત્તા હસ્તાંતરણની ચર્ચા કરવા ત્રણ સભ્યોનું કેબિનેટ મિશન મોકલ્યું.
- તેની મુખ્ય જોગવાઈઓમાં અખંડ ભારતનું સંઘીય માળખું, બંધારણસભાની રચના અને વચગાળાની સરકારની સ્થાપનાનો સમાવેશ હતો.
- મિશને પાકિસ્તાનની અલગ રાજ્યની માંગણીને નકારી કાઢી હતી પણ પ્રાંતોનું જૂથ બનાવવાની દરખાસ્ત કરી હતી.
- કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે પ્રાંતોના ફરજિયાત જૂથબંધીના મુદ્દે ગંભીર મતભેદો સર્જાયા.
- મુસ્લિમ લીગે અંતે આ યોજનાનો અસ્વીકાર કર્યો અને 'સીધા પગલાં દિવસ' (Direct Action Day)ની જાહેરાત કરી, જેનાથી દેશમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં.

75. માઉન્ટ બેટન યોજના (1947) અને ભારતની આઝાદી તથા ફાળવણીના સંજોગો સમજાવો.

- વધતા જતાં કોમી રમખાણો અને રાજકીય મડાગાંઠને ઉકેલવા લોર્ડ માઉન્ટબેટને ભારતની ફાળવણીની યોજના રજૂ કરી.
- આ યોજના મુજબ ભારતનું વિભાજન ભારત અને પાકિસ્તાન એમ બે સ્વતંત્ર ડોમિનિયનમાં કરવાનું નક્કી થયું.
- પંજાબ અને બંગાળના ભાગલા માટે સીમાંકન આયોગ (રેડક્લિફ લાઇન)ની રચના કરવામાં આવી.
- રજવાડાઓને ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાવા અથવા સ્વતંત્ર રહેવાની છૂટ આપવામાં આવી.
- કોંગ્રેસે અનિચ્છાએ પણ વધતી હિંસા અટકાવવા ફાળવણી સ્વીકારી અને 15 ઓગસ્ટ, 1947ના રોજ ભારત આઝાદ થયો, જોકે આ આઝાદી વિભાજનની ટ્રેજડી સાથે આવી હતી.



5 MARKS

1. સિંધુ ખીણની સભ્યતાના નગર-આયોજન અને આધુનિક શહેરીકરણ વચ્ચેના આંતરસંબંધોની ચર્ચા કરો.

- સિંધુ ખીણની સભ્યતા (IVC) એ તેના અદ્‌ભુત નગર-આયોજન માટે જાણીતી છે, જે આજના આધુનિક સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ માટે પાયા સમાન છે.
- **ગ્રીડ પેટર્ન અને માળખું :** હડપ્પન શહેરો જેવાં કે, મોહેં-જો-દડો અને હડપ્પામાં રસ્તાઓ એકબીજાને કાટખૂણે કાપતાં હતાં, જે વ્યવસ્થિત શહેરી બ્લોક્સ બનાવે છે.
- **ડ્રેનેજ સિસ્ટમ :** દરેક ઘર શેરીની ગટર સાથે જોડાયેલું હતું. મુખ્ય ગટરો ઈંટો અને ચૂનાથી બનેલી હતી અને સફાઈ માટે તેમાં મેનહોલ્સ (sumps) રાખવામાં આવ્યા હતાં, જે જાહેર આરોગ્ય પ્રત્યેની તેમની સજાગતા દર્શાવે છે.
- **બાંધકામ સામગ્રી :** તેઓએ પ્રમાણિત કદની (1 : 2 : 4 રેશિયો) પાકી ઈંટોનો ઉપયોગ કર્યો હતો, જે ટકાઉપણું સુનિશ્ચિત કરતી હતી.
- **જાહેર સુવિધાઓ :** લોથલનું ડોકયાર્ડ અને મોહેં-જો-દડોનું વિશાળ સ્નાનાગાર (Great Bath) તેમની એન્જિનિયરિંગ કુશળતા અને જળ વ્યવસ્થાપન દર્શાવે છે. આમ, IVCનું આયોજનબદ્ધ માળખું આધુનિક શહેરોમાં ગટર-વ્યવસ્થા, રસ્તાઓની પહોળાઈ અને જાહેર સ્વચ્છતા માટે એક મોડેલ પૂરું પાડે છે.

2. ઋગ્વૈદિક કાળ અને ઉત્તરવૈદિક કાળ દરમિયાન સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં આવેલા બદલાવોનું વિશ્લેષણ કરો.

- વૈદિક કાળમાં સમય જતાં સ્ત્રીઓના સામાજિક અને બૌદ્ધિક દરજ્જામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.
- **ઋગ્વૈદિક કાળ :** આ સમયગાળામાં સ્ત્રીઓને સમાન તકો મળતી હતી. તેઓ 'ઉપનયન' સંસ્કાર અને શિક્ષણ મેળવી શકતી હતી. અપલા, ઘોષા અને લોપામુદ્રા જેવી સ્ત્રીઓ પ્રખ્યાત કવિઓ હતી. બાળલગ્ન અને સતીપ્રથા જેવી બદીઓ ગેરહાજર હતી.
- **અનુવૈદિક કાળ :** આ સમયમાં સ્ત્રીઓના દરજ્જામાં ઘટાડો થયો. તેઓને સભા અને સમિતિમાં ભાગ લેવાથી વંચિત રાખવામાં આવી. ઐતરેય બ્રાહ્મણમાં પુત્રીને 'દુ:ખનું કારણ' માનવામાં આવી છે.
- **શિક્ષણ અને ધર્મ :** અનુવૈદિક કાળમાં સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર અને ગાયત્રી મંત્રના પઠનથી દૂર રાખવામાં આવી, તેમ છતાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષીઓએ બૌદ્ધિક ક્ષેત્રે યોગદાન આપ્યું હતું. આમ, શરૂઆતના સમાનતાવાદી સમાજમાંથી અનુવૈદિક કાળ સુધીમાં સ્ત્રીઓનું સ્થાન ગૌણ બની ગયું હતું.

3. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના ઉદય માટે જવાબદાર સામાજિક-આર્થિક પરિબળોની તપાસ કરો.

- ઈ.સ. પૂર્વે 6ઠ્ઠી સદીમાં બ્રાહ્મણવાદી રૂઢિચુસ્તતા સામે પ્રતિક્રિયા રૂપે બૌદ્ધ અને જૈન ધર્મનો ઉદય થયો.
- **વર્ણ–વ્યવસ્થાનો વિરોધ :** બ્રાહ્મણોના વર્ચસ્વ અને કઠોર વર્ણ-વ્યવસ્થા સામે ક્ષત્રિયોમાં અસંતોષ હતો. બૌદ્ધ અને જૈન ધર્મએ સમાનતા પર ભાર મૂક્યો.
- **આર્થિક જરૂરિયાત :** નવી કૃષિ અર્થવ્યવસ્થામાં પશુધનની જરૂર હતી, જ્યારે વૈદિક યજ્ઞોમાં પશુબલી આપવામાં આવતી હતી. બૌદ્ધ-જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતે આ પશુધનને બચાવવામાં મદદ કરી.
- **વૈશ્ય સમુદાયનો ટેકો :** વેપારી વર્ગ (વૈશ્ય) પોતાનો સામાજિક દરજ્જો સુધારવા માંગતો હતો. ધર્મસૂત્રો વ્યાજ પર નાણાં ધીરવાની ટીકા કરતાં હતાં, જ્યારે આ નવા ધર્મોએ તેને સ્વીકાર્યું, જે વેપાર માટે અનુકૂળ હતું.
- **સરળતા :** જટિલ સંસ્કૃત ધાર્મિક વિધિઓને બદલે સામાન્ય લોકોની ભાષા(પાલી અને પ્રાકૃત)માં ઉપદેશો આપવામાં આવ્યા.


Celebrating 50 YEARS 1977-2027

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોજિત

CCE PRELIMS 2026

PYQ



6000 પ્રશ્નો

- 40 શિફ્ટના પેપરના સ્માર્ટ એનાલિસિસનો સમાવેશ
- તમામ 40 શિફ્ટના 6000 પ્રશ્નોના જવાબો માટેની સ્પેશિયલ બુકલેટ

પુસ્તક ખરીદવા માટે આપેલ QR કોડ સ્કેન કરો

2 સાંસ્કૃતિક વારસો

1 MARK

1. સિંધુખીણની સંસ્કૃતિની નર્તકીની કાંસ્ય મૂર્તિ વિશે ટૂંકી નોંધ લખો.

➤ મોહેં-જો-દડોમાંથી મળી આવેલી આ કાંસ્ય મૂર્તિ 'લોસ્ટ વેક્સ' પદ્ધતિથી બનાવવામાં આવી છે. આ મૂર્તિ પ્રાચીન ભારતીય ધાતુશિલ્પકલાની ઉચ્ચ કુશળતા દર્શાવે છે, જે ભારતીય શિલ્પકળાના પ્રાચીન ઇતિહાસનો મહત્ત્વપૂર્ણ પુરાવો છે.

2. ઈ.સ. 2021માં યુનેસ્કોની વિશ્વ વારસા યાદીમાં સામેલ થયેલા ધોળાવીરાની મુખ્ય સ્થાપત્ય વિશેષતાઓ કઈ છે ?

➤ ધોળાવીરા સુયોજિત નગરરચના, કિલ્લેબંધી, જળાશયો, જળસંચય અને પાણીના નિકાલની વિકસિત વ્યવસ્થા માટે જાણીતું છે. તેના મુખ્ય નગરવિભાગો દુર્ગવિસ્તાર, મધ્ય નગર અને નીચલું નગર હતા.

3. ભારતીય સંસ્કૃતિમાં 'અનેકતામાં એકતા'નું પ્રતીક એટલે શું ?

➤ ભારતમાં વિવિધ ભાષાઓ, ધર્મો અને તહેવારો હોવા છતાં, સાંસ્કૃતિક મૂલ્યો અને ભૌગોલિક એકતાના કારણે અહીં એકતા જોવા મળે છે. પૂર્વથી પશ્ચિમ સુધીના સ્થાપત્ય અને સાહિત્યમાં ભારતીયતાનો સમાન ભાવ પ્રદર્શિત થાય છે.

4. ગુજરાતી ભક્તિસાહિત્યમાં નરસિંહ મહેતાનું પ્રદાન જણાવો.

➤ મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિ આંદોલન સમયે ભક્તકવિ નરસિંહ મહેતાનું પ્રદાન અદ્વિતીય છે. તેમણે પોતાનાં 'પદો' અને 'પ્રભાતિયાં' દ્વારા કૃષ્ણભક્તિ, સમાનતા અને માનવતાનો સંદેશ આપ્યો. તેમની આ રચનાઓ ગુજરાતી ભક્તિસાહિત્ય અને સાંસ્કૃતિક વારસાનો મહત્ત્વનો ભાગ છે.

5. મુઘલ સ્થાપત્યમાં 'પિએત્રા ડુરા' (Pietra Dura) શૈલી એટલે શું ?

➤ પિએત્રા ડુરા એક વિશિષ્ટ પથ્થરની જડતરકલા છે. તેમાં રંગીન, મુખ્યત્વે અર્ધકિંમતી પથ્થરોને જરૂરી આકારમાં કાપીને, આરસપહાણમાં બનાવેલા ખાંચામાં જડીને સુંદર ફૂલવેલ કે અન્ય ભાત રચવામાં આવે છે. તાજમહેલ તેનું સૌથી જાણીતું ઉદાહરણ છે.

6. ભારતીય સમાજ પર સિનેમાની હકારાત્મક અને નકારાત્મક અસરો જણાવો.

➤ સિનેમા સમાજમાં જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય એકતા મજબૂત કરવામાં મદદ કરે છે. જોકે, હિંસા અને અશ્લીલતાના પ્રદર્શનથી યુવા પેઢી પર નકારાત્મક અસર પણ પડી શકે છે, તેથી તે સામાજિક મૂલ્યોનું પ્રતિબિંબ હોવું જોઈએ.

7. 'રાષ્ટ્રીય જનજાતીય ગૌરવ દિવસ' કોની જન્મજયંતિ નિમિત્તે ઊજવવામાં આવે છે અને તેમનું સાંસ્કૃતિક યોગદાન શું છે ?

➤ જનજાતીય ગૌરવ દિવસ 15 નવેમ્બરે બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે ઉજવાય છે. તેમણે બ્રિટિશ શાસન અને શોષણ સામે સંઘર્ષ કરીને આદિવાસી અસ્મિતા, પરંપરા અને અધિકારોના રક્ષણમાં યોગદાન આપ્યું.

8. અયોધ્યાના રામમંદિરનું સ્થાપત્ય કઈ શૈલીમાં નિર્માણ પામ્યું છે અને તેની ખાસિયતો શું છે ?

➤ અયોધ્યાનું રામ મંદિર પરંપરાગત નાગર શૈલીમાં બનાવવામાં આવ્યું છે. આ મંદિરમાં લોખંડનો ઉપયોગ કર્યા વગર આરસપહાણ અને પથ્થરોની ઇન્ટરલોકિંગ પદ્ધતિનો ઉપયોગ થયો છે. મંદિરમાં મુખ્ય ગર્ભગૃહની આસપાસ સિંહાસન, ભક્તિ મંડપો અને પરિક્રમા પથ છે, જે ઉત્તર ભારતીય મંદિર સ્થાપત્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

9. ભારતીય રંગમંચ (Theatre) એ સંસ્કૃતિનું જીવંત પ્રતીક કેવી રીતે છે ?

➤ રંગમંચ એ સમાજનું દર્પણ છે. તે મનોરંજનની સાથે લોકશિક્ષણનું કામ કરે છે. તે પ્રાદેશિક ભાષાઓ અને પરંપરાઓને જીવંત રાખે છે અને કલાકારોને પ્રેક્ષકો સાથે સીધો સંવાદ કરવાની તક પૂરી પાડે છે.

10. ટેલિવિઝનના આગમન પછી થિયેટર સામે કેવા પડકારો ઊભા થયા છે ?

➤ ટેલિવિઝન અને OTT પ્લેટફોર્મના કારણે લોકો ઘેર બેઠા મનોરંજન મેળવતા થયા છે, જેનાથી થિયેટરના પ્રેક્ષકોમાં ઘટાડો થયો છે. જોકે, જીવંત અભિનયની મજા અને સામાજિક સંદેશ પહોંચાડવાની ક્ષમતા આજે પણ થિયેટરને અપ્રતિમ બનાવે છે.

11. મોઢેરાના સૂર્યમંદિર (ગુજરાત)ની સ્થાપત્ય કળા અને ભૌગોલિક વિશેષતાઓ સમજાવો.

➤ સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલા દ્વારા નિર્મિત આ મંદિર સોલંકી (મારુ-ગુર્જર) શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. તે ગર્ભગૃહ, સભા મંડપ અને સૂર્યકુન્ડ (રામકુન્ડ) એમ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. તેની ભૌગોલિક વિશેષતા એ છે કે વર્ષના વિષુવવૃત્તીય દિવસે (Equinox) સૂર્યના પ્રથમ કિરણો સીધા મંદિરના ગર્ભગૃહ સુધી પહોંચે છે.

3 ભૂગોળ

1 MARK

1. ભારતની મુખ્ય ભૂમિનો દક્ષિણતમ છેડો કયો છે ?

➤ ભારતની મુખ્ય ભૂમિનો દક્ષિણતમ છેડો કન્યાકુમારી છે. જો સમગ્ર ભારતીય સંઘની વાત કરીએ તો અંદમાન-નિકોબારમાં આવેલ 'ઇન્દિરા પોઇન્ટ' સૌથી દક્ષિણે છે, જે 2004ના ત્સુનામી વખતે આંશિક જળમગ્ન થયો હતો.

2. કર્કવૃત્ત ભારતના કયા રાજ્યમાંથી સૌથી વધુ અને કયા રાજ્યમાંથી સૌથી ઓછો પસાર થાય છે ?

➤ કર્કવૃત્ત (23°27' N) ભારતનાં 8 રાજ્યોમાંથી પસાર થાય છે. તે મધ્ય પ્રદેશમાંથી સૌથી વધુ લંબાઈમાં અને રાજસ્થાન રાજ્યમાંથી સૌથી ઓછી લંબાઈમાં પસાર થાય છે; જ્યારે મહી નદી તેને બે વાર ઓળંગે છે.

3. જો ખનનથી અરવલ્લી પર્વતમાળા નષ્ટ થાય, તો ગુજરાત અને ઉત્તર ભારતની આબોહવા પર શું વિનાશક અસર થશે ?

➤ અરવલ્લી થારના રણને આગળ વધતું અટકાવતો કુદરતી 'ક્લાઇમેટ શિલ્ડ' છે. તેના નષ્ટ થવાથી રણીકરણ (Desertification) ગુજરાત અને દિલ્હી તરફ ઝડપથી વધશે. વળી, અરબી સમુદ્રના ભેજવાળા પવનોને રોકતો અવરોધ દૂર થતાં, આ પ્રદેશોમાં વરસાદની પેટર્ન સાવ ખોરવાઈ જશે અને દુષ્કાળ વધશે.

4. ભારતના પડોશી દેશોમાં સૌથી લાંબી અને સૌથી ટૂંકી જમીન સરહદ કોની સાથે છે ?

➤ ભારત તેની સૌથી લાંબી જમીન સરહદ બાંગ્લાદેશ (4,096.7 કિમી) સાથે ધરાવે છે. જ્યારે સૌથી ટૂંકી સરહદ અફઘાનિસ્તાન સાથે છે, જે વાખાન કોરિડોર દ્વારા ઉત્તર-પશ્ચિમમાં ભારત સાથે જોડાયેલું છે.

5. ટ્રાન્સ-હિમાલયન ક્ષેત્રની મુખ્ય પર્વતમાળાઓ કઈ છે ?

➤ ટ્રાન્સ-હિમાલયન ક્ષેત્ર ગ્રેટ હિમાલયની ઉત્તરે સ્થિત છે, જેને તિબેટ હિમાલયન પ્રદેશ પણ કહેવાય છે. તેમાં કારાકોરમ, લદ્દાખ, ઝાસ્કર અને કૈલાશ જેવી મહત્ત્વની પર્વતમાળાઓનો સમાવેશ થાય છે, જેમાં કારાકોરમ એ મુખ્ય છે.

6. સાબરમતી રિવરફ્રન્ટ જેવી 'કોન્ક્રીટ ચેનલાઇઝ્ડ' નદીઓ શહેરી વિકાસ માટે ઉત્તમ છે, પરંતુ તેની 'હાઇડ્રો-જીયોલોજિકલ' (ભૂગર્ભજળ) આડઅસર શું હોઈ શકે ?

➤ નદીના તળિયા અને કિનારાને કોન્ક્રીટથી બાંધવાથી નદી અને ભૂગર્ભજળ વચ્ચેનું કુદરતી કનેક્શન (એક્વીફર રિચાર્જ) તૂટી જાય છે. પરિણામે, નદીમાં પાણી હોવા છતાં આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભજળ સ્તર નીચા જાય છે અને ભારે વરસાદ વખતે પાણી જમીનમાં ઉતરવાને બદલે સપાટી પર ભરાય છે.

7. પશ્ચિમનાં મેદાનોમાં જોવા મળતા 'દોઆબ' (Doab) એટલે શું ?

➤ પંજાબ અને હરિયાણાનાં મેદાનોમાં બે નદીઓ વચ્ચેના ફળદ્રુપ જમીન વિસ્તારને 'દોઆબ' કહેવામાં આવે છે. સિંધુ નદીની ઉપનદીઓ જેવી કે, જેલમ, ચેનાબ, રાવી, બિયાસ અને સતલજ દ્વારા આ મેદાનો બનેલાં છે.

8. માજુલી (Majuli) દ્વીપની વિશેષતાઓ શું છે ?

➤ માજુલી એ અસમમાં બ્રહ્મપુત્રા નદી પર આવેલો વિશ્વનો સૌથી મોટો વસવાટ ધરાવતો નદીય દ્વીપ (Riverine Island) છે. તે નદીના પ્રવાહના ફેરફાર અને કાંપના નિક્ષેપણ દ્વારા બનેલો એક વિશિષ્ટ ભૌગોલિક વિસ્તાર છે.

9. પ્રાથમિક ક્ષેત્રની ખેતીમાં ચતુર્થક ક્ષેત્ર (R&D, ડેટા) કેવી રીતે 'એગ્રી-ટેક ક્રાંતિ' સર્જી રહ્યું છે ?

➤ ચતુર્થક ક્ષેત્રના ડ્રોન, ગ્રીડ મેપિંગ અને AI-આધારિત હવામાન ડેટાના ઉપયોગથી ખેતી 'પ્રિસિઝન ફાર્મિંગ'માં બદલાઈ રહી છે. આનાથી ખાતર અને પાણીનો બગાડ અટકે છે અને ઓછી જમીનમાં આબોહવા-અનુકૂળ મહત્તમ ઉત્પાદન મળે છે, જે બંને ક્ષેત્રોના સીધા જોડાણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

10. પશ્ચિમઘાટ અને પૂર્વઘાટ કયા સ્થળે એકબીજાને મળે છે ?

➤ ભારતના દ્વીપકલ્પ ઉચ્ચપ્રદેશમાં પશ્ચિમઘાટ અને પૂર્વઘાટ દક્ષિણ ભારતમાં 'નીલગિરિની ટેકરીઓ' (Nilgiri Hills) પર એકબીજાને મળે છે. નીલગિરિ એ આ બંને પર્વતમાળાઓનું મિલનબિંદુ અને જૈવ-વિવિધતાનું કેન્દ્ર છે.

11. ભારતમાં કયા ટાપુ પર એકમાત્ર સક્રિય જ્વાળામુખી આવેલો છે ?

➤ અંદમાન અને નિકોબાર ટાપુઓના સમૂહમાં આવેલ 'બેરન આઇલેન્ડ' (Barren Island) ભારતનો એકમાત્ર સક્રિય જ્વાળામુખી છે. તે બંગાળની ખાડીમાં સ્થિત છે અને તાજેતરમાં 2025માં તેમાંથી લાવા અને રાખ નીકળવાની પ્રવૃત્તિ નોંધાઈ હતી.

4 વિજ્ઞાન અને ટેક્નોલોજી

1 MARK

1. પ્રોજેક્ટ નેત્રા (Project NETRA) શું છે ?

➤ તે ISRO દ્વારા અવકાશમાં રહેલા કાટમાળ અને અન્ય પદાર્થો પર દેખરેખ રાખવા માટે શરૂ કરાયેલી પ્રણાલી છે. તે ભારતીય અવકાશી અસ્ક્યામતોને સંભવિત ટકરાવથી બચાવવામાં મદદ કરે છે.

2. ક્રાયોજેનિક એન્જિનની મુખ્ય વિશેષતા શું છે ?

➤ આ એન્જિન પ્રવાહી હાઇડ્રોજન (બળતણ) અને પ્રવાહી ઓક્સિજન (ઓક્સિડાઇઝર)ને ખૂબ જ નીચા તાપમાને (–253°C અને –183°C) વાપરે છે, જે ઉચ્ચ કાર્યક્ષમતા અને થ્રસ્ટ પૂરો પાડે છે.

3. ગગનયાન મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય જણાવો.

➤ આ ભારતનું પ્રથમ માનવ સંચાલિત અવકાશ મિશન છે, જે અંતર્ગત 2027 સુધીમાં ત્રણ ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની નીચી ભ્રમણ કક્ષા (LEO)માં મોકલવાનું આયોજન છે.

4. ભારતીય અંતરિક્ષ સ્ટેશન (BAS)ના બે ફાયદા જણાવો.

➤ માઇક્રોગ્રેવિટીમાં બાયોમેડિકલ સંશોધન અને મટીરીયલ સાયન્સના પ્રયોગો કરવા.

➤ લાંબા ગાળાના માનવ અવકાશ મિશન માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવું.

5. સ્ક્રેમજેટ (Scramjet) એન્જિન કેવી રીતે કાર્ય કરે છે ?

➤ આ એન્જિન વાતાવરણમાંથી સીધો ઓક્સિજન મેળવે છે અને સુપરસોનિક વેગ પર દહન પ્રક્રિયા કરે છે, જેનાથી રોકેટમાં ઓક્સિડાઇઝર લઈ જવાની જરૂર રહેતી નથી.

6. લિગો-ઈન્ડિયા (LIGO-India)નું મહત્ત્વ શું છે ?

➤ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લામાં સ્થાપિત આ પ્રોજેક્ટ ગુરુત્વાકર્ષણ તરંગોના સંશોધન માટે છે, જે બ્રહ્માંડની ઉત્પત્તિ અને કાળા છિદ્રો (Black Holes)ને સમજવામાં મહત્ત્વની વૈજ્ઞાનિક ભૂમિકા ભજવશે.

7. નાવિક (NavIC) સિસ્ટમ શું છે ?

➤ તે ભારતની પોતાની પ્રાદેશિક નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ છે, જે ભારત અને તેની આસપાસના 1500 કિમી વિસ્તારમાં સચોટ સ્થિતિ અને સમયની માહિતી પૂરી પાડે છે.

8. ચંદ્રયાન-3ના 'પ્રજ્ઞાન' રોવરમાં કયા મુખ્ય પેલોડ્સ હતા ?

➤ તેમાં અમદાવાદ સ્થિત PRL દ્વારા વિકસિત APXS (આલ્ફા પાર્ટીકલ્સ એક્સ-રે સ્પેક્ટ્રોમીટર) અને LIBS (લેસર-ઇન્ટડ્યુસ બ્રેકડાઉન સ્પેક્ટ્રોસ્કોપી) જેવા સાધનો હતાં જે ચંદ્રની સપાટીના રાસાયણિક પૃથક્કરણ માટે વપરાયા હતા.

9. જીનોમ સિક્વન્સિંગ (Genome Sequencing) એટલે શું ?

➤ તે સજીવના DNAના સંપૂર્ણ ક્રમને ઓળખવાની પદ્ધતિ છે, જે રોગોની ઓળખ, સારવાર અને વ્યક્તિગત દવાઓ (Personalized medicines) વિકસાવવામાં મદદરૂપ થાય છે.

10. CRISPR-Cas9 ટેક્નોલોજી શું છે ?

➤ તે એક શક્તિશાળી જીન-એડિટિંગ સાધન છે જે ગાઇડ RNAનો ઉપયોગ કરીને DNAના ચોક્કસ ભાગમાં ફેરફાર અથવા સુધારો કરવાની મંજૂરી આપે છે.

11. બોઝ-આઇન્સ્ટાઇન કન્ડેન્સેટ (BEC) શું છે ?

➤ તે દ્રવ્યની પાંચમી અવસ્થા છે, જે અણુઓને નિરપેક્ષ શૂન્ય તાપમાનની નજીક ઠંડા કરવાથી રચાય છે, જ્યાં અણુઓ એક જ ક્વોન્ટમ એન્ટિટી તરીકે વર્તે છે.

12. નેનોટેક્નોલોજીનો કૃષિમાં ઉપયોગ જણાવો.

➤ નેનો-ફર્ટિલાઇઝર્સનો ઉપયોગ પાકની ઉત્પાદકતા વધારવા, ખાતરનો બગાડ ઘટાડવા અને જંતુનાશકોની ચોક્કસ માત્રા છોડ સુધી પહોંચાડવા માટે થાય છે. ઉદા., નેનો યુરિયા

13. બ્લોકચેન ટેક્નોલોજીની વ્યાખ્યા આપો.


➤ તે એક વિકેન્દ્રિત અને સુરક્ષિત ડિજિટલ ખાતાવહી (Ledger) છે, જેમાં વ્યવહારોના રેકોર્ડ બ્લોક્સમાં સંગ્રહિત થાય છે અને તેને બદલવા અત્યંત મુશ્કેલ હોય છે.


14. ક્વોન્ટમ કમ્પ્યુટિંગ ક્લાસિકલ કમ્પ્યુટિંગથી કેવી રીતે અલગ છે ?

➤ ક્લાસિકલ કમ્પ્યુટર 'બિટ્સ' (0 અથવા 1)નો ઉપયોગ કરે છે, જ્યારે ક્વોન્ટમ કમ્પ્યુટર 'ક્યુબિટ્સ' (Qubits)નો ઉપયોગ કરે છે જે એકસાથે બંને સ્થિતિમાં હોઈ શકે છે.

15. 6G ટેક્નોલોજીના સંભવિત ફાયદા જણાવો.

➤ તે અલ્ટ્રા-લો લેટન્સી, ઉચ્ચ ગતિ અને ઓટોનોમસ વાહનો તથા ટેલી-સર્જરી જેવી ટેક્નોલોજી માટે વિશ્વસનીય જોડાણ પૂરું પાડશે.












GPSC-UPSC
મુખ્ય પરીક્ષા
PYQ
Previous Year Questions
with
Solution Series









5 ભારતીય રાજ્યવ્યવસ્થા અને બંધારણ

1 MARK

1. ભારતીય બંધારણને 'વિશ્વનું સૌથી લાંબું લેખિત બંધારણ' શા માટે કહેવામાં આવે છે ?

➤ ભારતીય બંધારણમાં શાસનવ્યવસ્થા, નાગરિકોના અધિકારો, કેન્દ્ર-રાજ્ય સંબંધો, ન્યાયતંત્ર અને ચૂંટણી અંગે વિગતવાર જોગવાઈઓ કરવામાં આવી છે. વળી, બંધારણ ઘડાયું ત્યારે તેમાં 395 અનુચ્છેદ, 22 ભાગ અને 8 અનુસૂચિઓ હતાં. આ વિશાળતા અને વિગતવાર જોગવાઈઓને કારણે તેને વિશ્વનું સૌથી લાંબું લેખિત બંધારણ કહેવામાં આવે છે. હાલમાં 25 ભાગો, આશરે 470 અનુચ્છેદો અને 12 અનુસૂચિઓનો સમાવેશ થાય છે.

2. 1773ના રેગ્યુલેટિંગ એક્ટનું મુખ્ય મહત્ત્વ શું હતું ?

➤ આ કાયદા દ્વારા ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં કાર્યો પર બ્રિટિશ સરકારનું નિયંત્રણ શરૂ થયું અને બંગાળના ગવર્નરને 'ગવર્નર-જનરલ' બનાવવામાં આવ્યા.

3. ભારતના પ્રથમ 'ગવર્નર જનરલ ઓફ ઈન્ડિયા' તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ?

➤ ચાર્ટર એક્ટ 1833 હેઠળ લોર્ડ વિલિયમ બેન્ટિકની નિમણૂક ભારતના પ્રથમ 'ગવર્નર જનરલ ઓફ ઈન્ડિયા' તરીકે કરવામાં આવી હતી.

4. 'બંધારણીય ઈલાજોનો અધિકાર' બંધારણની કઈ કલમ (Article) હેઠળ આપવામાં આવ્યો છે ?

➤ કલમ 32 હેઠળ બંધારણીય ઈલાજોનો અધિકાર આપવામાં આવ્યો છે, જેને ડો. આંબેડકરે બંધારણનો 'આત્મા અને હૃદય' ગણાવ્યો છે.

5. ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા કયા કેસમાં 'મૂળભૂત માળખાનો સિદ્ધાંત'આપવામાં આવ્યો હતો ?

➤ વર્ષ 1973માં કેશવાનંદ ભારતી કેસના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે બંધારણના મૂળભૂત માળખાના રક્ષણ માટે આ મહત્ત્વનો સિદ્ધાંત આપ્યો હતો.

6. સંસદના કયા ગૃહને 'કાયમી ગૃહ' તરીકે ઓળખવામાં આવે છે અને શા માટે ?

➤ રાજ્યસભાને કાયમી ગૃહ કહેવાય છે કારણ કે તેનું ક્યારેય સંપૂર્ણ વિસર્જન થતું નથી અને તેના દર બે વર્ષે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે.

7. 'પોર્ટફોલિયો સિસ્ટમ' (વિભાગીય પદ્ધતિ) ભારતમાં સૌપ્રથમ કોના દ્વારા દાખલ કરવામાં આવી હતી ?

➤ વર્ષ 1859માં લોર્ડ કેનિંગ દ્વારા પોર્ટફોલિયો સિસ્ટમ દાખલ કરવામાં આવી હતી, જેને ભારતીય પરિષદ અધિનિયમ 1861 દ્વારા કાયદેસરની માન્યતા મળી હતી.

8. ભારતીય બંધારણની 8મી અનુસૂચિ શું દર્શાવે છે ?

➤ બંધારણની 8મી અનુસૂચિમાં ભારતની માન્યતાપ્રાપ્ત 22 પ્રાદેશિક ભાષાઓની યાદી આપવામાં આવી છે, જે ભારતની ભાષાકીય વિવિધતા દર્શાવે છે.

9. 'નાણાં વિધેયક' (Money Bill) કયા ગૃહમાં રજૂ કરી શકાય છે ?

➤ નાણાં વિધેયક લોકસભામાં જ રજૂ કરી શકાય છે, રાજ્યસભા પાસે માત્ર ભલામણ કરવાની મર્યાદિત સત્તા હોય છે.

10. 'એક જ ગુના માટે વ્યક્તિને એકથી વધુ વખત સજા ન થઈ શકે' આ જોગવાઈ કયા અધિકાર હેઠળ આવે છે ?

➤ બંધારણની અનુચ્છેદ 20(2) મુજબ, એક જ ગુના માટે કોઈ વ્યક્તિ સામે એકથી વધુ વખત કાર્યવાહી કરીને સજા કરી શકાતી નથી. આ રક્ષણને દ્વિ-દંડથી રક્ષણ (Double Jeopardy) કહે છે. તે નાગરિકો સહિત તમામ વ્યક્તિઓને મળે છે.

11. અનુચ્છેદ 14 હેઠળ 'કાયદાનું સમાન રક્ષણ' એટલે શું ?

➤ આ અમેરિકન ખ્યાલ છે, જે મુજબ સમાન સંજોગોમાં લોકો સાથે સમાન વ્યવહાર થવો જોઈએ. આ સકારાત્મક અભિગમ છે જે વાજબી ભેદભાવની મંજૂરી આપે છે.

12. મૂળભૂત અધિકારોની લાક્ષણિકતાઓ જણાવો.

➤ મૂળભૂત અધિકારો ન્યાયી છે, એટલે કે તેના ઉલ્લંઘન બદલ કોર્ટમાં જઈ શકાય છે. તે કાયમી નથી; સંસદ તેમાં સુધારો કરી શકે છે.

13. ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું ?

➤ ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, 1950ના રોજ અમલમાં આવ્યું. આ દિવસને દર વર્ષે પ્રજાસત્તાક દિવસ તરીકે ઊજવવામાં આવે છે.

6 જાહેર વહીવટ અને શાસન

1 MARK

1. સુશાસનનો મુખ્ય આધારસ્તંભ શું છે ?

➤ પારદર્શિતા, જવાબદારી અને નાગરિક ભાગીદારી એ સુશાસનના પાયાના ઘટકો છે, જે વહીવટને લોકો પ્રત્યે વધુ સંવેદનશીલ અને અસરકારક બનાવે છે.

2. નાગરિક અધિકારપત્રની મર્યાદા શું છે ?

➤ તે કાયદાકીય રીતે અમલી બનાવી શકાતું નથી. ઘણી વાર તેમાં નિર્ધારિત સેવાઓનાં ધોરણો અને ફરિયાદ નિવારણ પ્રક્રિયામાં સ્પષ્ટતાનો અભાવ જોવા મળે છે.

3. ઇ-ગવર્નન્સનું 'G2C' મોડેલ એટલે શું ?

➤ આ મોડેલ સરકાર અને નાગરિકો વચ્ચેના સંપર્કને દર્શાવે છે. જેનો હેતુ સરકારી સેવાઓને ઓનલાઇન માધ્યમથી લોકો સુધી ઝડપથી પહોંચાડવાનો છે.

4. સામાજિક ઓડિટ શા માટે અનિવાર્ય છે ?

➤ તે સરકારી યોજનાઓના અમલીકરણમાં રહેલી ખામીઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે. યોજનાના લાભાર્થીઓ દ્વારા થતી આ તપાસ લોકશાહીને મજબૂત કરે છે.

5. માહિતીનો અધિકાર (RTI)નો મુખ્ય હેતુ શું છે ?

➤ શાસનમાં પારદર્શિતા લાવવી અને સરકારી તંત્રને જનતા પ્રત્યે જવાબદાર બનાવવું. આ કાયદો નાગરિકોને વહીવટી પ્રક્રિયાઓ જાણવાની શક્તિ આપે છે.

6. પ્રથમ વહીવટી સુધારા પંચની સ્થાપના ક્યારે થઈ ?

➤ 1966માં મોરારજી દેસાઈના અધ્યક્ષપદ હેઠળ તેની સ્થાપના થઈ હતી. જેનો હેતુ કેન્દ્ર સરકારના વહીવટી માળખામાં સુધારાઓ સૂચવવાનો હતો.

7. સેવોત્તમ મોડેલનું મુખ્ય ઘટક કયું છે ?

➤ તે સેવા-વિતરણની ગુણવત્તા, નાગરિક અધિકારપત્ર અને ફરિયાદ નિવારણ પદ્ધતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને જાહેર સેવામાં સુધારો કરે છે.

8. સત્યનિષ્ઠા કરાર (Integrity Pact) એટલે શું ?

➤ જાહેર ખરીદી અને ટેન્ડર પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર રોકવા માટે સરકાર અને બિડર્સ વચ્ચે થતો એક કાયદેસરનો સમજૂતી કરાર છે.

9. કેન્દ્રીય તકેદારી આયોગ (CVC)ની ભૂમિકા શું છે ?

➤ તે કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓમાં થતાં ભ્રષ્ટાચારની તપાસ કરે છે અને વહીવટમાં પ્રામાણિકતા જાળવવા માટે સલાહકાર તરીકે કાર્ય કરે છે.

10. દબાણ જૂથો લોકશાહીમાં શું કાર્ય કરે છે ?

➤ તે ચોક્કસ સમુદાયનાં હિતોનું રક્ષણ કરવા માટે સરકારની નીતિઓને પ્રભાવિત કરે છે અને લોકોની સમસ્યાઓને વાચા આપવાનું કામ કરે છે.

11. સ્વયં સહાય જૂથો (SHG) કેવી રીતે ઉપયોગી છે ?

➤ તે આર્થિક રીતે નબળા વર્ગોને બચત અને સ્વ-રોજગાર માટે સંગઠિત કરે છે. મહિલા સશક્તિકરણ માટે તે એક ઉત્તમ સાધન છે.

12. લેટરલ એન્ટ્રી એટલે શું ?

➤ ખાનગી ક્ષેત્રના નિષ્ણાતોની સીધી ઉચ્ચ વહીવટી હોદ્દાઓ પર નિમણૂક કરવાની પ્રક્રિયા. આનાથી શાસનમાં આધુનિક ટેક્નોલોજી અને વિશેષ જ્ઞાનનો ઉમેરો થાય છે.

13. જાહેર નીતિના નિર્ધારણમાં ડેટાનું મહત્ત્વ શું છે ?

➤ ડેટા દ્વારા સમસ્યાની સચોટ ઓળખ થાય છે. તથ્ય આધારિત નીતિઓ બનાવવાથી સરકારી સંસાધનોનો બગાડ અટકે છે અને પરિણામો સારાં મળે છે.

14. સરકાર અને બિન-સરકારી સંસ્થા (NGO) વચ્ચેનો સંબંધ શું છે ?

➤ તે એકબીજાના પૂરક તરીકે કાર્ય કરે છે. સરકાર નીતિઓ બનાવે છે; જ્યારે NGO પાયાના સ્તરે તેના અમલીકરણમાં અને જનજાગૃતિમાં મદદ કરે છે.

15. સિટીઝન કેન્દ્રીય વહીવટ એટલે શું ?

➤ વહીવટની એવી પ્રણાલી જેમાં નાગરિકોની સુવિધા અને સંતોષને કેન્દ્રમાં રાખવામાં આવે છે અને બિનજરૂરી વિલંબને દૂર કરવામાં આવે છે.

16. બ્લોકચેન ટેક્નોલોજી શાસનમાં શું ફેરફાર લાવી શકે ?

➤ તે જમીન રેકોર્ડ અને શૈક્ષણિક પ્રમાણપત્રોના સંગ્રહમાં પારદર્શિતા લાવી શકે છે, જેનાથી ડેટામાં છેડછાડ કરવાનું લગભગ અશક્ય બની જાય છે.

7 જાહેર સેવામાં શિસ્ત

1 MARK

1. જાહેર સેવામાં 'નૈતિક ઝાંખપ' (Ethical Fading) એટલે શું ? માનવ વર્તણૂક પર તેની શી અસર થાય છે ?

➤ જ્યારે અધિકારી ધીમે ધીમે ભ્રષ્ટાચાર કે ગેરરીતિને વહીવટી પ્રક્રિયાનો સામાન્ય હિસ્સો માની સ્વીકારી લે છે, ત્યારે તેને 'નૈતિક ઝાંખપ' કહે છે. આનાથી અધિકારીની સંવેદનશીલતા અને સત્યનિષ્ઠા કાયમી ધોરણે નષ્ટ થાય છે.

2. વર્તમાન 'ડિજિટલ અનામિકતા' (Digital Anonymity) માનવ વર્તણૂકના નૈતિક નિર્ધારક પરિબળોને કેવી રીતે પડકારી રહી છે ?

➤ ડિજિટલ અનામિકતા સામાજિક નિયંત્રણનો ડર ઘટાડે છે, જેથી બાહ્ય નૈતિકતા નબળી પડે છે. આવા સમયે માત્ર વ્યક્તિનો દૃઢ 'અંતરાત્મા' જ સાચું નિર્ધારિક પરિબળ બનીને સાયબર બુલિંગ જેવા અનૈતિક કાર્યોને રોકી શકે છે.

3. નીતિશાસ્ત્રમાં 'પરિણામવાદ' (Consequences)થી તમે શું સમજો છો ?

➤ પરિણામવાદ મુજબ કોઈ પણ કાર્યની નૈતિકતા તેનાથી મળતાં પરિણામ પર આધારિત છે. જો કાર્યનું અંતિમ પરિણામ વધુમાં વધુ લોકોનું કલ્યાણ કરતું હોય, તો તે કાર્ય નૈતિક ગણાય છે, ભલે તેનાં સાધનો ગમે તે હોય.

4. ખાનગી અને જાહેર સંબંધોમાં નીતિશાસ્ત્ર વચ્ચેનો મુખ્ય તફાવત શું છે ?

➤ ખાનગી સંબંધો પ્રેમ, લાગણી અને નિષ્ઠા પર આધારિત હોય છે, જ્યારે જાહેર સંબંધો કાયદો, નિયમો અને નિષ્પક્ષતા પર આધારિત હોય છે. જાહેર સંબંધોમાં વૈયક્તિક હિત કરતા સામાજિક હિત અને ન્યાયને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

5. માહિતી અધિકાર (RTI) કાયદો નીતિશાસ્ત્ર સાથે કેવી રીતે જોડાયેલ છે ?

➤ RTI એ વહીવટમાં 'સત્યનિષ્ઠા' અને 'જવાબદારી' (Accountability) લાવવાનું સાધન છે. તે સત્તાના દુરુપયોગને અટકાવે છે અને નાગરિકોને વહીવટી પ્રક્રિયામાં સામેલ કરી પારદર્શિતા લાવે છે, જે વહીવટી નીતિશાસ્ત્રનો મુખ્ય ભાગ છે.

6. શું જાહેર સેવામાં કોઈ ઉત્કૃષ્ટ પરિણામ મેળવવા માટે 'અનૈતિક સાધનો'નો ઉપયોગ વ્યાજબી ગણી શકાય ?

➤ ગાંધીજીના 'સાધન-સાધ્યની પવિત્રતા'ના સિદ્ધાંત મુજબ, ગમે તેટલા સારા હેતુ માટે અનૈતિક સાધન (દા.ત. ફેક એન્કાઉન્ટર)નો ઉપયોગ લાંબા ગાળે કાયદાના શાસનનો નાશ કરે છે. તે વહીવટીતંત્રમાં ક્યારેય વ્યાજબી નથી.

7. અભિવૃત્તિના મૂળભૂત ઘટકો કયા છે ?

➤ અભિવૃત્તિ મુખ્યત્વે ત્રણ ઘટકોની બનેલી છે : (1) બોધાત્મક (વિચારો), (2) ભાવાત્મક (લાગણીઓ) અને (3) વર્તણૂક (ક્રિયા). આ ત્રણ ઘટકો મળીને વ્યક્તિનું કોઈ ચોક્કસ પરિસ્થિતિ કે વ્યક્તિ પ્રત્યેનું વલણ નક્કી કરે છે.

8. અભિવૃત્તિ માનવીના વર્તન પર કેવી રીતે અસર કરે છે ?

➤ વ્યક્તિની અભિવૃત્તિ તેની પસંદગી અને નિર્ણયોને પ્રભાવિત કરે છે. હકારાત્મક અભિવૃત્તિ વ્યક્તિને પડકારો સામે લડવાની પ્રેરણા આપે છે, જ્યારે નકારાત્મક અભિવૃત્તિ તેના સામાજિક સંબંધો અને કાર્યક્ષમતામાં અવરોધ પેદા કરી શકે છે.

9. શું જ્ઞાન (Cognitive) હોવા છતાં વર્તન (Behavioral) ન બદલાય તે શક્ય છે ? અભિવૃત્તિના સંદર્ભમાં જણાવો.

➤ હા, જ્યારે અભિવૃત્તિનું 'ભાવાત્મક' (Affective) પાસું નબળું હોય. દા.ત., તમાકુ ખાનાર તેના નુકસાન (જ્ઞાન) વિશે જાણતો હોવા છતાં, ડર કે પ્રબળ ઇચ્છાશક્તિના અભાવે (ભાવના) વ્યસન (વર્તન) છોડી શકતો નથી.

10. સામાજિક પ્રભાવ (Social Influence) વહીવટમાં કેમ મહત્ત્વનો છે ?

➤ સામાજિક પ્રભાવ દ્વારા લોકોના વિચારો અને વર્તનમાં ફેરફાર લાવી શકાય છે. વહીવટકર્તાઓ સ્વચ્છતા અભિયાન કે રસીકરણ જેવાં સામાજિક કાર્યોમાં જનભાગીદારી વધારવા માટે સામાજિક પ્રભાવનો અસરકારક ઉપયોગ કરે છે.

11. IQ અધિકારીને યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરે છે, તો EQની અનિવાર્યતા કેમ છે ?

➤ IQ માત્ર તાર્કિક વિકલ્પો આપે છે. પરંતુ, એ નિર્ણય જનતા સ્વીકારશે કે કેમ અને તેની સામાજિક અસર શું થશે, તેનું મૂલ્યાંકન અને સંવેદનશીલ અમલીકરણ માત્ર ઉચ્ચ EQ (સાંવેગિક બુદ્ધિમત્તા) દ્વારા જ શક્ય છે.


12. ચારિત્ર્ય અને અભિવૃત્તિ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

➤ ચારિત્ર્ય એ વ્યક્તિના આંતરિક નૈતિક ગુણોનો સમૂહ છે, જ્યારે અભિવૃત્તિ એ બાહ્ય જગત પ્રત્યેનો દૃષ્ટિકોણ છે. મજબૂત અને નૈતિક ચારિત્ર્ય ધરાવતી વ્યક્તિની અભિવૃત્તિ હંમેશાં ન્યાયી અને સમાજલક્ષી હોય છે.

Celebrating 50 YEARS 1977-2027

LIBERTY ONE STOP SOLUTION

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE™



- GCERT, NCERT તથા અન્ય તમામ સરકારી સ્ત્રોતોના આધારે લેખન
- પરીક્ષાલક્ષી તૈયારી માટે PYQનું Analysis અને PYQ Tagging
- લાસ્ટ-મિનિટ રિવિઝન માટે ક્વિક રિવિઝન કેપ્સ્યુલની **ફ્રી બુકલેટ**

Price ₹625

SCAN QR FOR **DEMO COPY**

SCAN QR FOR **PURCHASE**

8 ભારતીય અર્થતંત્ર અને આયોજન

1 MARK

1. એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics) એટલે શું ?

➤ વ્યક્તિગત સ્તરે કરવામાં આવતી આર્થિક પ્રવૃત્તિઓ, નિર્ણયો અને વર્તનના અભ્યાસને એકમલક્ષી અર્થશાસ્ત્ર કહેવાય છે. આ અર્થશાસ્ત્રને પ્રાઇસ થીયરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

2. 'વેલ્થ ઓફ નેશન્સ' પુસ્તક કોણે અને ક્યારે પ્રકાશિત કર્યું હતું ?

➤ આધુનિક અર્થશાસ્ત્રનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ શરૂ કરનાર મહાન અર્થશાસ્ત્રી એડમ સ્મિથે વર્ષ 1776માં 'વેલ્થ ઓફ નેશન્સ' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું હતું.

3. આર્થિક વસ્તુઓ એટલે શું ? અર્થશાસ્ત્રમાં તેનું મહત્ત્વ સમજાવો.

➤ જે વસ્તુઓની બજારમાં અછત હોય, જેના પુરવઠા પર નિયંત્રણ હોય અને જેનું ખરીદ-વેચાણ થઈ શકતું હોય તેને આર્થિક વસ્તુઓ કહે છે. અર્થશાસ્ત્ર માત્ર આર્થિક વસ્તુઓના જ વિનિમય મૂલ્યનો અભ્યાસ કરે છે.

4. અર્થશાસ્ત્રમાં 'માંગનો નિયમ' શું દર્શાવે છે ?

➤ પ્રો. આલ્ફ્રેડ માર્શલના મતે, જો અન્ય પરિબળો યથાવત્ રહે તો વસ્તુની કિંમત ઘટતાં માંગનું વિસ્તરણ થાય છે અને કિંમત વધતાં માંગનું સંકોચન થાય છે. માંગના નિયમ મુજબ વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચે વ્યસ્ત (Inverse) સંબંધ છે.

5. ઉત્પાદનનાં મુખ્ય સાધનો અને તેના બદલામાં મળતા વળતર જણાવો.

➤ **ઉત્પાદનનાં 4 સાધનો છે :** જમીન (ભાડું), શ્રમ (વેતન), મૂડી (વ્યાજ) અને ઉદ્યોગસાહસિકતા (નફો). આ સાધનો દ્વારા જ અર્થતંત્રમાં વસ્તુઓ અને સેવાઓનું સર્જન થાય છે.

6. રાષ્ટ્રીય આવક માપવાની મુખ્ય પદ્ધતિઓ કઈ કઈ છે ?

➤ રાષ્ટ્રીય આવક માપવાની 3 પદ્ધતિઓ છે : (1) ઉત્પાદન-પદ્ધતિ, (2) આવક પદ્ધતિ અને (3) ખર્ચની પદ્ધતિ. ભારતમાં NSO આ અંગેના આંકડા પ્રકાશિત કરે છે.

7. આર્થિક વિકાસનાં મુખ્ય લક્ષણો કયાં છે ?

➤ આર્થિક વિકાસ એ વ્યાપક પ્રક્રિયા છે, જેમાં પરિમાણાત્મક અને ગુણાત્મક બંને પરિવર્તનો થાય છે. તેનાથી લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે અને માથાદીઠ આવક વધે છે.

8. માનવવિકાસ સૂચકાંક (HDI)નાં ત્રણ મુખ્ય પરિબળો કયાં છે ?

➤ માનવવિકાસ સૂચકાંકની ગણતરીમાં ત્રણ પરિબળો ધ્યાને લેવાય છે : (1) અપેક્ષિત આયુષ્ય, (2) શૈક્ષણિક સિદ્ધિઓ (જ્ઞાન) અને (3) જીવનધોરણ (માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક).

9. સમાવેશી વૃદ્ધિ (Inclusive Growth) એટલે શું ?

➤ જે આર્થિક વૃદ્ધિમાં સમાજના તમામ વર્ગોને સમાન તકો મળે અને વિકાસના લાભો ગરીબમાં ગરીબ વ્યક્તિ સુધી પહોંચે તેને સમાવેશી વૃદ્ધિ કહેવામાં આવે છે.

10. બ્રિટિશ શાસન દરમિયાન ભારતીય અર્થતંત્ર પર પડેલી કોઈ પણ બે સકારાત્મક અસરો જણાવો.

➤ બ્રિટિશ શાસનકાળમાં 1853માં પ્રથમ રેલવે રૂટની શરૂઆત થઈ. આ ઉપરાંત, 1855માં જાહેર બાંધકામ ખાતા (PWD)ની સ્થાપના અને 1935માં ભારતીય રિઝર્વ બેન્ક (RBI)ની રચના મહત્ત્વના સુધારા હતા.

11. 'ગાંધીવાદી યોજના' (1944) કોણે રજૂ કરી હતી અને તેનો મુખ્ય ભાર શેના પર હતો ?

➤ આ યોજના આચાર્ય શ્રીમન નારાયણ અગ્રવાલે મહાત્મા ગાંધીના વિચારોથી પ્રેરિત થઈને રજૂ કરી હતી. તેમાં કુટિર અને લઘુ ઉદ્યોગોના વિકાસ તથા ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

12. નીતિ આયોગના માળખામાં 'ટીમ ઇન્ડિયા હબ' (Team India Hub)ની ભૂમિકા શું છે ?

➤ આ હબ રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે મુખ્ય સંપર્ક સૂત્ર (Interface) તરીકે કાર્ય કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં સહકારી સંઘવાદને મજબૂત કરી રાજ્યોની ભાગીદારી વધારવાનો છે.

13. નાણાંનાં પ્રાથમિક કાર્યો કયાં છે ?

➤ નાણાંનાં બે મુખ્ય પ્રાથમિક કાર્યો છે : (1) વિનિમયના માધ્યમ તરીકે અને (2) વસ્તુઓ તથા સેવાઓના મૂલ્યના માપદંડ તરીકે યોગ્ય કિંમત નક્કી કરવામાં મદદ કરવી.

14. સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (CBDC) એટલે શું ?

➤ CBDC એ દેશની કેન્દ્રીય બેન્ક (RBI) દ્વારા જાહેર કરાયેલું ચલણનું ડિજિટલ સ્વરૂપ છે. ભારતમાં તે 'e-₹' (ઇ-રૂપી) તરીકે હોલસેલ અને રિટેલ એમ બે પ્રકારમાં ઉપલબ્ધ છે.

9 પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની ઘટનાઓ

1 MARK

1. સાણંદના સેમિકન્ડક્ટર ATMP એકમમાં મુખ્યત્વે કઈ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવે છે ?

➤ આ એકમમાં સેમિકન્ડક્ટર ચિપનું એસેમ્બલી, પરીક્ષણ, માર્કિંગ અને પેકેજિંગ કરવામાં આવે છે.

2. ગુજરાતના સમાન નાગરિક સંહિતા, 2026માં મુખ્યત્વે કઈ બાબતો સમાવિષ્ટ છે ?

➤ આ સંહિતામાં લગ્ન, છૂટાછેડા, વારસો અને ઉત્તરાધિકાર સંબંધિત નિયમોમાં સમાનતા લાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

3. ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં 'ક્રિટિકલિટી'ની સ્થિતિનો અર્થ શું થાય છે ?

➤ રિએક્ટરમાં નિયંત્રિત અને સ્વયં ટકાઉ પરમાણુ શૃંખલા પ્રતિક્રિયા શરૂ થવાની સ્થિતિ ક્રિટિકલિટી કહેવાય છે.

4. સોમનાથ મંદિરના સ્વાતંત્ર્યોત્તર પુનર્નિર્માણની પ્રાણપ્રતિષ્ઠા ક્યારે થઈ હતી ?

➤ સોમનાથ મંદિરની સ્વાતંત્ર્યોત્તર પુનર્નિર્માણની પ્રાણપ્રતિષ્ઠા 11 મે, 1951ના રોજ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં થઈ હતી.

5. ગુજરાત ઔદ્યોગિક નીતિ 2026ના અમલીકરણનો સમયગાળો જણાવો.

➤ આ નીતિ 1 જૂન, 2026થી 5 વર્ષ અમલમાં રાખવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે.

6. UNESCOની 2026ની યાદીમાં ભારતનું 45મુ વિશ્વ વારસા સ્થળ કયું બન્યું ?

➤ ઉત્તર પ્રદેશના વારાણસી નજીક આવેલાં સારનાથનાં પ્રાચીન બૌદ્ધ સ્થળોને વિશ્વ વારસાનો દરજ્જો મળ્યો હતો.

7. ગુજરાતમાં શરૂ થયેલી CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાની વિશેષતા જણાવો.

➤ આ વ્યવસ્થા ડિજિટલ રૂપિયાથી અનાજની ચુકવણીને વધુ પારદર્શક, ઝડપી અને સુરક્ષિત બનાવે છે.

8. સુગમ ડિજિટલ પહેલ હેઠળ ગુજરાતની કેટલી નાગરિક સેવાઓનું ડિજિટલીકરણ કરાયું ?

➤ ગુજરાત સરકારે સુગમ ડિજિટલ પહેલ અંતર્ગત 20 જેટલી નાગરિક સેવાઓનું ડિજિટલીકરણ હાથ ધર્યું છે.

9. ધોલેરામાં સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન એકમથી કયો મુખ્ય આર્થિક લાભ અપેક્ષિત છે?

➤ આ એકમથી સ્થાનિક ચિપ ઉત્પાદન, ટેક્નોલોજી આધારિત રોકાણ અને ઉચ્ચ કૌશલ્ય રોજગારીને વેગ મળશે.

10. બેટ દ્વારકાના પુરાતત્ત્વીય ઉત્ખનનમાંથી કયો ઐતિહાસિક સંકેત મળ્યો ?

➤ આ ઉત્ખનનમાં લગભગ બે હજાર વર્ષ જૂના વેપાર સંબંધિત પુરાવા પ્રાપ્ત થયાનું જણાવાયું છે.

11. સ્માર્ટ GIDC અંતર્ગત ગુજરાતમાં કેટલા નવા ઔદ્યોગિક વિકાસ નિગમનું આયોજન છે ?

➤ ગુજરાત સરકારે 8 નવા સ્માર્ટ ઔદ્યોગિક વિકાસ નિગમ સ્થાપવાની દિશામાં આયોજન જાહેર કર્યું હતું.

12. ગુજરાત ડેટા સેન્ટર નીતિ 2026–29 કેટલા વર્ષ માટે ઘડવામાં આવી છે ?

➤ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની આ નવી નીતિ ત્રણ વર્ષ માટે અમલમાં રહેશે.

13. ઇન્ડિયા-AI ઇમ્પેક્ટ સમિટ 2026નું આયોજન કયા શહેરમાં થયું હતું ?

➤ આંતરરાષ્ટ્રીય કૃત્રિમ બુદ્ધિમત્તા સહયોગને પ્રોત્સાહિત કરતું આ સંમેલન નવી દિલ્હી ખાતે યોજાયું હતું.

14. ગુજરાતી ભાષાના સાહિત્ય અકાદમી પુરસ્કાર 2025 માટે કોની પસંદગી થઈ હતી ?

➤ કવિ યોગેશ વૈદ્યને તેમની કાવ્યકૃતિ 'ભેખડખાંડી' માટે ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર જાહેર થયો હતો.

15. ગુજરાત પોલીસનું NARIT AI સાધન કયા પ્રકારની તપાસમાં સહાય કરે છે ?

➤ તે RAG ટેક્નોલોજીથી માદક પદાર્થો સંબંધિત કાયદા અને પુરાવાનું ઝડપી વિશ્લેષણ કરવામાં મદદ કરે છે.

16. વીમા ક્ષેત્રમાં 100% FDIની મંજૂરીનો મુખ્ય અર્થ શું થાય છે ?

➤ આ મંજૂરીથી નિર્ધારિત શરતો હેઠળ વીમા ક્ષેત્રમાં સંપૂર્ણ વિદેશી માલિકી માટે માર્ગ ખુલ્યો છે.

2 MARKS

1. નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન 2.0નો મુખ્ય ઉદ્દેશ અને અમલનો અભિગમ જણાવો.

➤ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સરકારની વણવપરાયેલી કે ઓછી વપરાતી જાહેર સંપત્તિને ભાડે આપીને આવક ઊભી કરવાનો છે. આ નવી આવકનો ઉપયોગ દેશના માળખાકીય વિકાસ માટે જરૂરી વધારાનાં સંસાધનો ઊભા કરવામાં થશે.

2. ભારત ઔદ્યોગિક વિકાસ યોજના (BHAVYA) હેઠળ ઉદ્યોગોને શું સુવિધાઓ મળશે ?

➤ આ યોજના હેઠળ દેશમાં 100 'પ્લગ-એન્ડ-પ્લે' ઔદ્યોગિક પાર્ક બનાવવાનું આયોજન છે. તેમાં ઉદ્યોગો માટે તૈયાર જમીન, વીજળી, પાણી, રસ્તા અને વેસ્ટ ટ્રીટમેન્ટ જેવી તમામ પાયાની સુવિધાઓ એક જ સ્થળે પૂરી પાડવામાં આવશે.

3. પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો મુખ્ય ઉદ્દેશ અને ધિરાણની વિશેષતા સમજાવો.

➤ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ બેન્કિંગ સુવિધાથી વંચિત નાના ઉદ્યોગસાહસિકોને નાણાકીય મદદ પૂરી પાડવાનો છે. તેમાં બિન-કોર્પોરેટ અને બિન-કૃષિ વ્યવસાયો માટે શિશુ, કિશોર, તરુણ અને તરુણ પ્લસ શ્રેણી હેઠળ કોઈ પણ પ્રકારના જામીન વિના લોન આપવામાં આવે છે.

4. અમદાવાદ–ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટનું મહત્ત્વ દર્શાવો.

➤ આ પ્રોજેક્ટ દ્વારા અમદાવાદને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ સાથે સીધું જોડવામાં આવશે. સ્વદેશી ટેક્નોલોજીથી બનેલી આ રેલવે સુવિધા મુસાફરી ઝડપી બનાવશે અને ઔદ્યોગિક વિકાસને ગતિ આપશે.

5. SARTHAK-PDS યોજનાનો મુખ્ય ઉદ્દેશ અને તેમાં અપનાવાયેલી ટેક્નોલોજી જણાવો.

➤ આ યોજનાનો ઉદ્દેશ જાહેર વિતરણ પ્રણાલી (PDS)ને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને લાભાર્થીલક્ષી બનાવવાનો છે. આ માટે રેશનિંગની દુકાનોનું રીઅલ-ટાઇમ મોનિટરિંગ, ડેટા એનાલિસિસ અને મશીન લર્નિંગ જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

6. PM-SETU યોજના હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને કેવી રીતે આધુનિક બનાવાશે ?

➤ PM-SETU યોજના હેઠળ 'હબ-એન્ડ-સ્પોક' મોડલથી એક હજાર સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI)ને આધુનિક બનાવાશે. આધુનિક સાધનો, ડિજિટલ લર્નિંગ, ઉદ્યોગોના સહયોગ અને રોજગારલક્ષી તાલીમ દ્વારા યુવાનોના કૌશલ્યનો વિકાસ કરવામાં આવશે.

7. ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) એટલે શું? તે કેમ જોખમી છે?

➤ જ્યારે હિમનદી (ગ્લેશિયર) ના ઓગળેલા પાણીથી બનેલા સરોવરની કુદરતી પાળ અચાનક તૂટી જાય, ત્યારે GLOFની સ્થિતિ સર્જાય છે. તેનાથી પાણી અને કાટમાળનો પ્રચંડ પ્રવાહ ધસી આવતો હોવાથી, નીચેના વિસ્તારોમાં જાનમાલ અને માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન થાય છે.

8. 18મી BRICS સમિટ 2026માં સહયોગ વધારવા કઈ નવી પહેલો રજૂ થઈ ?

➤ નવી દિલ્હીમાં યોજાયેલી 18મી બ્રિક્સ (BRICS) સમિટમાં આરોગ્ય માટે સંકલિત અર્લી વોર્નિંગ સિસ્ટમ, લોજિસ્ટિક્સ સપ્લાય ચેઇનમાં સહયોગ, ઊર્જા સંગ્રહ માટે ડિજિટલ કેન્દ્ર અને ટકાઉ કૃષિ માટે વિશેષ કેન્દ્રો ઊભા કરવાની નવી જાહેરાતો કરવામાં આવી હતી.

9. અર્બન ચેલેન્જ ફંડની નાણાકીય ભાગીદારીનું માળખું સમજાવો.

➤ અર્બન ચેલેન્જ ફંડનો ઉપયોગ શહેરી માળખાકીય સુવિધાઓના વિકાસ માટે થશે. આ ફંડમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 25 ટકા, બજારનો ફાળો 50 ટકા અને રાજ્ય સરકાર અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનો ફાળો 25 ટકા રહેશે.

10. PM-KUSUM યોજનાની કૃષિ અને ઊર્જા ક્ષેત્રે ઉપયોગીતા સમજાવો.

➤ આ યોજના ખેડૂતોને સૌર ઊર્જાથી ચાલતા સિંચાઈ પંપ અને કૃષિલક્ષી વીજળી પૂરી પાડે છે. તેનાથી ખેડૂતોની ડીઝલ પરની નિર્ભરતા ઘટે છે, સ્વચ્છ ઊર્જાનો વ્યાપ વધે છે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થાય છે.

11. પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ હેઠળ કયા હેતુથી મકાનો બનાવવામાં આવે છે ?

➤ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ઘરવિહોણા અને કાચા કે જર્જરિત મકાનોમાં રહેતા ગ્રામીણ પરિવારોને પાયાની સુવિધાઓવાળા પાકાં મકાનો આપવાનો છે. આ પગલાંથી ગ્રામ્ય વિસ્તારના લોકોનું જીવનધોરણ સુધરશે અને તેમને સામાજિક સુરક્ષા મળશે.

12. 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી'ના મુખ્ય લક્ષ્યાંકો જણાવો.

➤ કપાસની ઉત્પાદકતા અને ગુણવત્તા વધારવા માટે આ મિશન 5 વર્ષ સુધી અમલમાં રહેશે. તેનું મુખ્ય લક્ષ્ય વર્ષ 2031 સુધીમાં કપાસનું પ્રતિ હેક્ટર ઉત્પાદન વધારવાનું અને દેશનું કુલ ઉત્પાદન 498 લાખ ગાંસડી સુધી પહોંચાડવાનું છે.

IN-DEPTH COMPENDIUM


Concept • Clarity • Coverage

3rd Edition

ભારતીય અર્થતંત્ર

INDIAN ECONOMY

UPSC | GPSC | CCE | Class 3 Exams



- ✓ દરેક પ્રકરણની શરૂઆતમાં જ UPSC અને GPSC દ્વારા યોજાતી પરીક્ષાઓમાં (2022 થી 2026) પુછાયેલા પ્રશ્નોનું સચોટ ટ્રેન્ડ એનાલિસિસ.
- ✓ દરેક પ્રકરણની શરૂઆતમાં અગત્યના 'Quotes'નો સમાવેશ જે મુખ્ય પરીક્ષામાં પણ ઉપયોગી થઈ શકે.
- ✓ વાંચતી વખતે જ જાણો ટોપિકનું મહત્વ! જે ટોપિકમાંથી અગાઉ પ્રશ્ન પૂછાયો હોય, તેની સાથે જ પરીક્ષાનું નામ અને વર્ષનો ઉલ્લેખ.
- ✓ અઘરા કોન્સેપ્ટ ગોખવાને બદલે, 350 Tables અને 124 Diagrams દ્વારા સરળ અને રસપ્રદ શૈલીમાં સમજૂતી.
- ✓ પુસ્તકના અંતે પ્રકરણ મુજબ 2022થી 2026ની અગાઉની પરીક્ષામાં પુછાયેલ પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાના પ્રશ્નોનો સમાવેશ.

આ પુસ્તક ખરીદવા માટે આપેલ QR કોડ સ્કેન કરો.

3 MARKS

1. સેવાતીર્થ સંકુલ વહીવટી સંકલન સુધારવામાં કેવી રીતે ઉપયોગી છે ?

➤ સેવાતીર્થ સંકુલમાં વડા પ્રધાન કાર્યાલય, કેબિનેટ સચિવાલય અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયને એક જ સ્થળે લાવવામાં આવ્યાં છે. અગાઉ આ સંસ્થાઓ અલગ સ્થળોએ હોવાથી પડતી મુશ્કેલીઓ હવે દૂર થશે અને માહિતીની આપ-લે સરળ બનશે. તેનો મુખ્ય હેતુ નિર્ણય લેવાની પ્રક્રિયા ઝડપી બનાવવી, શાસન મજબૂત કરવું અને વહીવટી તેમજ સુરક્ષાને લગતી કામગીરીની કાર્યક્ષમતા વધારવાનો છે.

2. ફ્રન્ટિયર નાગાલેન્ડ ટેરિટોરિઅલ ઓથોરિટીની રચનાનો અભિગમ સમજાવો.

➤ ફ્રન્ટિયર નાગાલેન્ડ ટેરિટોરિઅલ ઓથોરિટી એ નાગાલેન્ડના પૂર્વ વિસ્તારના છ જિલ્લાઓ માટે સૂચવાયેલી સ્વાયત્ત વહીવટી સંસ્થા છે. કેન્દ્ર સરકાર, નાગાલેન્ડ સરકાર અને ઇસ્ટર્ન નાગાલેન્ડ પીપલ્સ ઓર્ગેનાઇઝેશન વચ્ચે થયેલા કરાર મુજબ તેનું માળખું ઘડાયું છે. તેનો ઉદ્દેશ સ્થાનિક વિકાસ માટે વહીવટી અને નાણાકીય સત્તાઓનું વિકેન્દ્રીકરણ કરવાનો છે, જેમાં અનુચ્છેદ 371A હેઠળની વિશેષ જોગવાઈઓ જાળવી રાખવામાં આવશે.

3. કોકિંગ કોલસો સામાન્ય થર્મલ કોલસાથી કેવી રીતે જુદો પડે છે ?

➤ કોકિંગ કોલસો મુખ્યત્વે પોલાદ ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાય છે. તેમાંથી બનતો કોક બ્લાસ્ટ ફર્નેસમાં લોખંડની અયસ્કને ઓગાળવામાં મદદ કરે છે, જ્યારે થર્મલ કોલસો વીજળી ઉત્પન્ન કરવા માટે બળતણ તરીકે વપરાય છે. પોલાદના ઉત્પાદન માટે કોકિંગ કોલસો અત્યંત જરૂરી હોવાથી, તેનું સ્થાનિક ઉત્પાદન વધારવાથી આયાત પરની નિર્ભરતા અને પુરવઠાનાં જોખમો ઘટાડી શકાય છે.

4. નેશનલ હાઉસહોલ્ડ ઇન્કમ સર્વેની જરૂરિયાત સ્પષ્ટ કરો.

➤ નેશનલ હાઉસહોલ્ડ ઇન્કમ સર્વે દ્વારા પરિવારોની વાસ્તવિક આવક, તેમની બચત અને આવકના સ્રોતોની સાચી માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. તે માત્ર વપરાશખર્ચ પરથી આવકનો અંદાજ કાઢવાની મર્યાદાઓને દૂર કરે છે. આ માહિતીથી વિવિધ વર્ગોની આર્થિક સ્થિતિ અને આવકની અસમાનતા સમજવામાં મદદ મળે છે, જેથી સરકારની કલ્યાણકારી નીતિઓનું આયોજન વધુ સચોટ રીતે થઈ શકે.

5. બ્રહ્મપુત્રા હેઠળના ટ્વિન ટ્યૂબ રોડ કમ રેલ ટનલ પ્રોજેક્ટની વિશેષતાઓ જણાવો.

➤ આ પ્રોજેક્ટ અસમના ગોહપુરને નુમાલીગઢ સાથે જોડવા માટે સૂચવવામાં આવ્યો છે. તેમાં બે સમાંતર ટનલ બનાવવામાં આવશે અને દરેક ટનલમાં બે લેનનો માર્ગ હશે. આ પૈકી એક ટ્યૂબમાં રેલવે લાઇન પણ બિછાવવામાં આવશે. નદીની નીચે બનતો આ પ્રોજેક્ટ માર્ગ અને રેલવે પરિવહનને જોડીને પૂર્વોત્તર ભારતમાં અવરજવર, માલસામાનનો પુરવઠો અને વ્યૂહાત્મક પહોંચને વધુ સરળ બનાવશે.

6. ઇજિપ્તમાં મળેલા ભારતીય ભાષાઓના શિલાલેખોનું ઐતિહાસિક મહત્ત્વ સમજાવો.

➤ ઇજિપ્તની વેલી ઓફ કિંગ્સમાંથી તમિલ બ્રાહ્મી લિપિ, પ્રાકૃત અને સંસ્કૃત ભાષાને લગતા શિલાલેખો મળી આવ્યા છે. આશરે પહેલીથી ત્રીજી સદીના આ લેખોમાં ભારતીય મુલાકાતીઓનાં નામ જોવા મળે છે. આ શિલાલેખો પ્રાચીન ભારત અને રોમન ઇજિપ્ત વચ્ચેના સંપર્કના મજબૂત પુરાવા છે. તે માત્ર વેપાર જ નહીં, પરંતુ બંને પ્રદેશો વચ્ચેના પ્રવાસ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને સમજવામાં પણ ઉપયોગી છે.

7. Td રસીનો હેતુ અને સ્વદેશી ઉત્પાદનનું મહત્ત્વ જણાવો.

➤ Td રસી ધનુર અને ડિપ્થેરિયા એમ બંને રોગો સામે રક્ષણ પૂરું પાડે છે. હિમાચલ પ્રદેશના કસૌલી ખાતે આવેલી સેન્ટ્રલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે આ રસી સ્વદેશી રીતે વિકસાવી છે. માત્ર ધનુરની રસીની સરખામણીમાં આ રસી સંયુક્ત રક્ષણ આપતી હોવાથી વધુ વિશેષ છે. તેના સ્થાનિક ઉત્પાદનથી રસીનો પુરવઠો જળવાઈ રહેશે અને રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ વધુ અસરકારક બનશે.

8. NATOના આર્કટિક સેન્ટ્રી મિશનનો મુખ્ય અભિગમ દર્શાવો.

➤ આર્કટિક સેન્ટ્રી મિશન આર્કટિક વિસ્તારમાં ચાલતી વિવિધ રાષ્ટ્રીય લશ્કરી કવાયતોને એક સંકલિત માળખા હેઠળ લાવે છે. આ કોઈ નવું કાયમી સૈન્ય દળ બનાવવાનું મિશન નથી. પરંતુ જમીન, સમુદ્ર અને હવાઈ કામગીરીના સંકલનથી સામૂહિક સુરક્ષા વધારવાનો તેનો હેતુ છે. નોર્વે, આઇસલેન્ડ અને ગ્રીનલેન્ડ નજીક આવેલી સમુદ્રતળની કેબલો અને પાઇપલાઇનો જેવા મહત્ત્વનાં માળખાઓનું રક્ષણ કરવું એ આ મિશનનો મુખ્ય ભાગ છે.

9. ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કનું સ્થાન અને શૈક્ષણિક મહત્ત્વ જણાવો.

➤ સાબરકાંઠાના સલાલ ખાતે આવેલો 'ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્ક' ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા વિકસાવવામાં આવ્યો છે. તે કર્કવૃત્તના વૈજ્ઞાનિક મહત્ત્વ વિશે સમજ આપે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય નાગરિકો માટે આ પાર્ક ભૂગોળ અને ખગોળશાસ્ત્રને પ્રત્યક્ષ અનુભવ સાથે જોડવા માટેનું ઉત્તમ માધ્યમ છે, જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક સંશોધનને પ્રોત્સાહન આપે છે.

58. EPFO હેઠળ EPF, EPS અને EDLIના હેતુઓનો ભેદ જણાવો.

➤ કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન (EPFO) ખાનગી ક્ષેત્રના કર્મચારીઓની સામાજિક સુરક્ષા માટે મુખ્ય ત્રણ યોજનાઓ ચલાવે છે, જેના હેતુઓ અલગ-અલગ છે. પહેલી યોજના EPF (એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ)નો હેતુ કર્મચારી માટે નિવૃત્તિ સમયની મોટી બચત ઊભી કરવાનો છે. બીજી યોજના EPS (એમ્પ્લોઇઝ પેન્શન સ્કીમ)નો હેતુ નિવૃત્તિ પછી કર્મચારીને દર મહિને નિયમિત પેન્શન આપવાનો છે. જ્યારે ત્રીજી યોજના EDLI (એમ્પ્લોઇઝ ડિપોઝિટ લિંક્ડ ઇન્શ્યોરન્સ)નો હેતુ કર્મચારીનું આકસ્મિક મૃત્યુ થાય તો તેના પરિવારને વીમા કવચ રૂપે આર્થિક સહાય આપવાનો છે.

59. રેમન મેગ્સેસે પુરસ્કારની ઓળખ અને મહત્ત્વ જણાવો.

➤ 'રેમન મેગ્સેસે પુરસ્કાર'ને એશિયાના નોબેલ પ્રાઇઝ તરીકે ઓળખવામાં આવે છે. આ સન્માન જાહેર સેવા, સમાજ કલ્યાણ અને ઉત્કૃષ્ટ નેતૃત્વ પૂરું પાડનાર વ્યક્તિઓ કે સંસ્થાઓને આપવામાં આવે છે. ફિલિપાઇન્સના સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેની યાદમાં મનીલા સ્થિત ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે આ પુરસ્કાર એનાયત થાય છે. નોંધનીય છે કે આચાર્ય વિનોબા ભાવે આ પુરસ્કાર મેળવનાર સૌપ્રથમ ભારતીય હતા. આ પુરસ્કાર એવા લોકોને વૈશ્વિક ઓળખ આપે છે જેમણે પોતાનું જીવન લોકહિત માટે સમર્પિત કર્યું હોય અને સામાન્ય લોકોના જીવનમાં મોટો બદલાવ લાવ્યા હોય.

60. AYUSH સેવા ક્ષેત્રના આંકડાકીય અહેવાલનું નીતિઘડતરમાં મહત્ત્વ સમજાવો.

➤ ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતો આયુષ (AYUSH) સેવા ક્ષેત્રનો આંકડાકીય અહેવાલ આયુર્વેદ, હોમિયોપેથી વગેરે સાથે જોડાયેલી હોસ્પિટલો, રોજગારીની તકો અને તેમના આર્થિક યોગદાનની સચોટ માહિતી આપે છે. આ ડેટા પરથી સરકારને ખ્યાલ આવે છે કે ક્યા વિસ્તારોમાં આયુષ સેવાઓ ઓછી છે અને ક્યાં નવું માળખું ઊભું કરવાની જરૂર છે. તેનાથી ડોક્ટરોની તાલીમ, નવા રોકાણ અને સારવારની ગુણવત્તા વધારવા માટે સારી નીતિઓ બનાવી શકાય છે. જોકે, આ ક્ષેત્રની આર્થિક કમાણી પરથી સારવારની ચોકસાઈ નક્કી ન થઈ શકે; તે માટે વૈજ્ઞાનિક રિસર્ચ અને ક્લિનિકલ ટ્રાયલ્સ હોવા જરૂરી છે.

5 MARKS

1. ડીપફેકથી ઊભા થતા પડકારો અને ડિજિટલ પ્લેટફોર્મની જવાબદારી સમજાવો.

➤ ડીપફેક એ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી કૃત્રિમ રીતે ચહેરો, અવાજ કે દૃશ્ય બદલીને તૈયાર કરવામાં આવતી એવી ભ્રામક સામગ્રી છે, જે એકદમ સાચી અને વિશ્વસનીય લાગે છે.

➤ આ ટેક્નોલોજીથી વ્યક્તિની ગોપનીયતા અને પ્રતિષ્ઠા ખંડિત થાય છે, તેમજ જાહેર વિશ્વાસને મોટું નુકસાન પહોંચે છે. આ પડકારને પહોંચી વળવા ડિજિટલ પ્લેટફોર્મ્સે આવી સામગ્રીની સચોટ ઓળખ, તેનું સ્પષ્ટ લેબલિંગ અને ફરિયાદોના ઝડપી નિવારણ માટેની મજબૂત વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. સંમતિ વિના પ્રસારિત થતી ખાનગી સામગ્રીને તાત્કાલિક દૂર કરવી આવશ્યક છે. આ ઉપરાંત વપરાશકર્તાઓમાં જાગૃતિ લાવવી, સ્રોતની ચકાસણી કરવી અને અપીલ પ્રક્રિયાને પારદર્શક બનાવવી પણ ખૂબ જ જરૂરી છે.

➤ આખરે, ડીપફેકનું નિયમન કરતી વખતે વ્યક્તિગત સુરક્ષા અને વાણી-અભિવ્યક્તિની સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન જળવાઈ રહે તે અત્યંત આવશ્યક છે.

2. ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટમાં વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન શા માટે જરૂરી છે ?

➤ ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ એક વિશાળ વિકાસલક્ષી યોજના છે, જેમાં ટ્રાન્સશિપમેન્ટ ટર્મિનલ, આંતરરાષ્ટ્રીય હવાઈમથક, ટાઉનશિપ અને વીજમાળખાના નિર્માણનો સમાવેશ થાય છે. મલક્કાની સામુદ્રધુની પાસે આવેલું આ પ્રોજેક્ટનું સ્થાન આંતરરાષ્ટ્રીય વેપાર અને ભારતની વ્યૂહાત્મક પહોંચ માટે અત્યંત મહત્ત્વનું છે. આમ છતાં, આ મોટા બાંધકામને કારણે ટાપુનાં ગાઢ જંગલો, દરિયાકાંઠાના જીવસૃષ્ટિ આવાસો તથા ત્યાં વસતા સ્થાનિક શોમ્પેન અને નિકોબારી સમુદાયોના જીવન પર નકારાત્મક અસર પડી શકે છે. આથી, યોગ્ય પર્યાવરણીય મૂલ્યાંકન કરવું, વન્યજીવોના માર્ગો સુરક્ષિત રાખવા અને સ્થાનિક લોકોના અધિકારોનું રક્ષણ કરવું અનિવાર્ય છે.

➤ નિષ્કર્ષ રૂપે, માત્ર આર્થિક લાભ પૂરતું સીમિત ન રહેતા, વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવીને લાંબા ગાળાના સામાજિક અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રાથમિકતા આપવી જોઈએ.

3. ફેફસાંના કેન્સર માટેની પુરાવા આધારિત ભારતીય માર્ગદર્શિકાની ઉપયોગિતા સમજાવો.

➤ ફેફસાંના કેન્સર માટેની ભારતીય માર્ગદર્શિકા એ આંતરરાષ્ટ્રીય સ્તરનાં સંશોધનો અને ભારતીય દર્દીઓના ચોક્કસ ડેટાનું સંકલન કરીને તૈયાર કરવામાં આવેલ એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે.

➤ આ માર્ગદર્શિકાનો મુખ્ય હેતુ કેન્સરના સચોટ નિદાન, યોગ્ય સારવાર અને દર્દીની પીડા ઘટાડતી ઉપશામક સંભાળ માટે સમગ્ર દેશમાં એક સમાન પ્રોટોકોલ વિકસાવવાનો છે. તેનાથી તબીબોને પુરાવા આધારિત સચોટ નિર્ણયો લેવામાં મદદ મળે

LIBERTY
PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

લેટેસ્ટ ફેક્ટસ ઈન જનરલ નોલેજ (LGK)

લવાજમ ભરવાના ફાયદા

સમયગાળો		લવાજમ વિના 6 LGKની કિંમત	લવાજમ ભર્યા બાદ 6 LGKની કિંમત	SAVE
છ માસિક	→	660/-	570/-	90/-
વાર્ષિક	→	1320/-	950/-	370/-
દ્વિ-વાર્ષિક	→	2640/-	1680/-	960/-



વર્તમાન પ્રવાહોમાં 100% સફળતાની ગેરંટી એટલે LGK

LGKનું લવાજમ ભરવા માટે આપેલ QR Code Scan કરો